RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 10-07-2026 I VOL : 12 I Issue : 115 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

મહાન કાર્ય નાના પગલાંથી શરૂ થાય છે. આત્મવિશ્વાસથી અશક્ય પણ શક્ય બને છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3



ગિફ્ટ સિટીમાં આવતીકાલે મેગા રોજગાર ભરતી મેળો:ગાંધીનગરના યુવાનો માટે રોજગારીના દ્વાર...

4




બદલાતા જમાનાનું કડવું સત્ય: લગ્નજીવનમાં 'પહેલ' માત્ર પુરુષ જ કેમ કરે?...

6



બોક્સ ઓફિસ પર મચશે 'ધમાલ'; એડવાન્સ બુકિંગમાં દિલ્હી-મુંબઈ મોખરે

7



બ્રિટનનો આર્થર ફેરી પહેલીવાર વિમ્બલ્ડન સેમિફાઈનલમાં પહોંચ્યો

## એક નજર...

### મોનાલિસાની ગ્લેમરસ અદાએ વધાર્યું સોશિયલ મીડિયાનું તાપમાન



મોનાલિસા, જેઓનું સાચું નામ અંતરા બિસ્વાસ છે, ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. મોનાલિસાએ પોતાની બોલ્ડ અદા અને નિર્ભય અભિનયથી લાખો ચાહકોનું દિલ જીત્યું છે. મોનાલિસાએ ટીવી પર પણ પોતાની આગવી ઓળખ બનાવી, ખાસ કરીને **'બિગ બોસ 10'**માં ભાગ લઈને.

### અમે તમારી પાસેથી શીખી રહ્યા છીએ

# ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ સપ્લાય કરશે

મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મેલબોર્ન મીટ્સ મોદી કાર્યક્રમમાં 30 હજાર ભારતીયોને સંબોધિત કર્યા. તેમણે કહ્યું- હું 12 વર્ષમાં ત્રીજી વાર ઓસ્ટ્રેલિયા આવ્યો છું, એટલે કે મારી હેટ્રિક થઈ ગઈ છે. મારા આવવામાં અને ઓસ્ટ્રેલિયા-ભારતના સંબંધોમાં સૌથી મોટી ભૂમિકા આપ લોકોની છે. આ શો હાઉસફુલ છે. આ પહેલા ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યુરેનિયમ ડીલ પર મહોર લાગી. મેલબોર્નમાં વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થની અલ્બેનીઝે મીટિંગ બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, અવકાશ અને મહત્વપૂર્ણ ખનિજો (ક્રિટિકલ મિનરલ્સ) સહિત અનેક ક્ષેત્રોમાં કરારોની જાહેરાત કરી. મોદીએ કહ્યું- ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમ મળવાથી ભારતના સ્વચ્છ ઊર્જા મિશનને મજબૂતી મળશે. ભારત અને




ઓસ્ટ્રેલિયા મળીને ક્રિટિકલ મિનરલ્સ કોરિડોર પણ વિકસાવશે. કોકોસ (કીલિંગ) ટાપુ પર સ્પેસ ટ્રેકિંગ ટર્મિનલ બનાવવામાં આવશે, જેનાથી ભારતના ગગનયાન મિશનને મદદ મળશે. પીએમએ કહ્યું- ભારત અને ઓસ્ટ્રેલિયાનો સંબંધ ક્રિકેટ જેવો છે. અમારી મુલાકાતો ક્રિકેટની જેમ હોય છે.

## મણિપુરમાં હવે નગા-કુકી સંઘર્ષ, 5 મહિનામાં 25 મોત

પુણે

મે 2023 થી મણિપુરમાં ચાલી રહેલી મૈતેઈ-કુકી વંશીય હિંસા વચ્ચે એક નવો મોરચો ખુલ્યો છે. રાજ્યમાં ચાલી રહેલી હિંસા હવે નગા અને કુકી સમુદાયો વચ્ચે ફેરવાઈ ગઈ છે. ઉખરુલ તેનું હોટસ્પોટ બની ગયું છે. આ વર્ષે ફેબ્રુઆરીથી શરૂ થયેલા સંઘર્ષમાં અત્યાર સુધીમાં 25 લોકોના મોત થયા છે. ભારત-મ્યાનમાર સરહદ પર નજર રાખતી આસામ રાઈફલ્સના કાફલા પર સોમવારે થયેલો હુમલો પણ તેનું જ પરિણામ હોવાનું કહેવાય છે. આ હુમલામાં ઉત્તરાખંડના બે જવાનો શહીદ થયા હતા. બંને શહીદ જવાનોને ગુરુવારે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. ઈમ્ફાલ એરપોર્ટ પર રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ બંને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે તેમના વતન ગામ મોકલી દેવામાં આવ્યો હતો. હકીકતમાં, નગાનો આરોપ છે કે આસામ રાઈફલ્સ ભારત-મ્યાનમારની 398 કિમી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદને સુરક્ષિત રાખવામાં નિષ્ફળ રહી છે. નગા સમુદાયના લોકો આસામ રાઈફલ્સ પર કુકી સમુદાયને લઈને નરમાઈનો આરોપ લગાવતા રહ્યા છે.

### 4 દિવસ સારવાર ચાલી, બંને ફેફસાં ખરાબ થઈ ગયા હતા

# આંધ્રપ્રદેશમાં કોરોનાથી વ્યક્તિનું મોત, 5 પોઝિટિવ કેસ મળ્યા

કડપ્પા

આંધ્રપ્રદેશના કડપ્પામાં 46 વર્ષના એક વ્યક્તિનું કોરોનાથી મૃત્યુ થયું. વ્યક્તિને ગયા મહિને 24 જૂને વેલ્લોરની CMC હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તપાસમાં તેને ન્યુમોનિયા હોવાનું જણાયું. કોવિડની આશંકા પર 26 જૂને ટેસ્ટ કરવામાં આવ્યો, જેમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો.

તપાસમાં જાણવા મળ્યું કે તેના બંને ફેફસાં ગંભીર રીતે સંક્રમિત થઈને ન્યુમોનિયાની ઝપેટમાં આવી ગયા હતા. સારવાર દરમિયાન 28 જૂને તેનું મૃત્યુ થયું. જિલ્લા તબીબી અને આરોગ્ય અધિકારી રવિ બાબુએ જણાવ્યું કે મૃતક દારૂ પીતો હતો. આરોગ્ય વિભાગ અનુસાર, મૃતકને શ્વાસ લેવામાં તકલીફ અને ખાંસીની ફરિયાદ બાદ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. મૃતકના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરીને તેમની ટ્રેસિંગ પણ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગે વિસ્તારમાં સેનિટાઈઝેશન પણ શરૂ કરી દીધું



છે. કોરોનાથી મૃત્યુ પછી રાજ્યભરમાં સમીક્ષા કરવામાં આવી. આ દરમિયાન કડપ્પા અને તિરુપતિ જિલ્લાઓમાં 5 વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. મેડિકલ એજ્યુકેશન ડિરેક્ટર (DME) એ રાજ્યની સરકારી હોસ્પિટલો પાસેથી આઈસોલેશન બેડ, ICU બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર, દવાઓ, રેપિડ ટેસ્ટ કિટ, એમ્બ્યુલન્સ અને મેડિકલ સ્ટાફની ઉપલબ્ધતાનો અહેવાલ માંગ્યો છે.

## NEWS TRACK

### અમેરિકાના હુમલાથી ઈરાનમાં હાહાકાર : 'શાહિદ ટર્મિનલ' ધ્વસ્ત, ભારત-ચીનને લાગ્યો મોટો ફટકો

અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા નવા સૈન્ય હુમલાઓએ માત્ર મિડલ ઈસ્ટમાં જ તણાવ નથી વધાર્યો, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર સહિત ભારત અને ચીન જેવા અગ્રણી એશિયાઈ દેશોના રોકાણ અને હિતોને પણ મોટો ઝટકો આપ્યો છે. અમેરિકાએ ઈરાનના ચાબહાર પોર્ટ પર કરેલા મિસાઈલ હુમલામાં ભારત સંચાલિત 'શાહિત બેહેશ્તી' પોર્ટ ટર્મિનલને મોટું નુકસાન પહોંચ્યું છે, જ્યાં ભારતે કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે. બીજી તરફ, અમેરિકાએ ચીન અને ઈરાનને જોડતા એક વ્યૂહાત્મક રેલ્વે બ્રિજને પણ નિશાન બનાવ્યો છે, જે ચીન અને ઈરાન વચ્ચેના વેપારનો મુખ્ય માર્ગ છે. મીડિયા અહેવાલો અનુસાર, ઈરાનના સરકારી બ્રોડકાસ્ટર 'IRIB' ના રિપોર્ટ મુજબ બુધવારે ચાબહારમાં આવેલા શાહિત બેહેશ્તી પોર્ટ પર અમેરિકાએ અનેક મિસાઈલો દાગી હતી, જેના કારણે ત્યાંનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધ્વસ્ત થઈ ગયું છે. આ હુમલામાં ચાબહારનો વેસલ ટ્રાફિક કંટ્રોલ ટાવર, કલંતરી પોર્ટ અને ઓમાનની ખાડીમાં આવેલા આ બંદર વિસ્તારનું વીજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ખરાબ રીતે પ્રભાવિત થયું છે.

### મહાતૂફાન 'બાવી' 200 કિ.મી.ઝડપે તાઈવાન, ચીન, જાપાન, તરફ ધસી રહ્યું છે

પ્રશાંત મહાસાગરમાં જાગેલું ફ્રાંસ જેટલા વિસ્તારનું પ્રચંડ વાવાઝોડું બાવી કલાકના ૨૦૦ કીમીની ઝડપે તાઈવાન તરફ ધસી રહ્યું છે. આથી તાઈવાન, ચીન, અને જાપાન જેવા દૂરપૂર્વના દેશોમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રચંડ ચક્રવાત ગુરુવારે તાઈવાનની દક્ષિણ પૂર્વ સુધી તો પહોંચી ગયું છે. તેનું જોર જરા નરમ તો થયું છે છતાં તેનો ખતરો પણ ઘણો છે. પ્રશાસને આ તોફાનને છેલ્લાં કેટલાંયે વર્ષોમાં થયેલાં તોફાન કરતાં સૌથી વધુ શક્તિશાળી તોફાન તરીકે જણાવે છે. આ સાથે શાસન તંત્રે નાગરિકોને જરૂરી સામાનનો સ્ટોક કરી કોઈપણ આપાતકાલીન સ્થિતિ માટે તૈયાર રહેવા જણાવી દીધું છે. આ ચક્રવાત ૧૦૦૦ કીમી જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે. ઉલ્લેખનીય છે કે ફ્રાંસનું ક્ષેત્રફળ પણ ૧૦૦૦ ચો.કી.મી. થી થોડું જ વધુ છે. ચીનનાં રાષ્ટ્રીય હવમાન વિજ્ઞાન કેન્દ્રનાં પૂર્વાનુમાન પ્રમાણે આ તોફાન તાઈવાનના ઉત્તરના છેડાને સ્પર્શી શનિવાર સાંજ સુધીમાં ચીનના પૂર્વના ફૂજીયાન પ્રાંત સાથે ટકરાશે.

# ખાખી વર્દીની આડમાં કરજણ બોર્ડર પર મરણઝોક ખેલ

## જેલ રિટર્ન કલંકિત કોન્સ્ટેબલ હનુ કામડિયાના ઈશારે ધમધમતા મોતની ફેક્ટરી અને જુગારના અડ્ડા, પીઆઈ પટેલની મીઠી નજર હેઠળ કાયદો વેચાયો ધોળા દિવસે

### કુરાલીથી કરમડી સુધી નશાનો કાળો કારોબાર, એલસીબીની મલાઈદાર ચુપકીદી સામે જનતાનો આક્રોશ, શું એસપી અગ્રવાલ ભ્રષ્ટાચારના આ ગઢ પર બુલડોઝર ફેરવી લઠ્ઠાકાંડનું સંકટ ટાળશે કે પછી ગાંધીનગર એસએમસી પાડશે દરોડા?

વડોદરા / કરજણ

ગુજરાત સરકાર ગાંધીનગરથી ઝીરો ટોલરન્સ અને ક્લીન ગવર્નન્સની ગમે તેટલી ગુલબાંગો પોકારે, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આ તમામ દાવાઓની સ્મશાનયાત્રા નીકળી ચૂકી છે. કરજણ પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ બચ્યું જ નથી, કારણ કે અહીં અસલી શાસન કાયદાનું નહીં પરંતુ ખાખી વર્દીની આડમાં ચાલતા એક ખૂંખાર અને નફ્ફટ સિન્ડિકેટનું ચાલી રહ્યું છે. જેલના સળિયા ગણીને આવેલો એક ભ્રષ્ટ કોન્સ્ટેબલ હનુભા ઉર્ફે હનુ કામડિયા અત્યારે કરજણનો



વહીવટદાર હનું કામડિયા

અઘોષિત ડોન બનીને આખા પંથકને નશા અને બરબાદીના દળદલમાં ધકેલી રહ્યો છે. કરજણ પી આઈ પટેલ આ તમામ ગતિવિધિઓથી અજાણ હોવાનો ઢોંગ કરી રહ્યા છે, જ્યારે આખો જિલ્લો દારૂ અને જુગારનું હબ બની ગયો છે.

#### મોતની ફેક્ટરીઓ અને જુગારના અડ્ડા: કરજણના 4 કાળા પ્રદેશ!

૧. કુરાલી ગામ (નવી નગરી): કરજણ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા આ ગામમાં પાણીની ટાંકી પાસે કાયદાના ડર વગર જાહેરમાં વરલી મટકાનો જુગાર અને કાળો ધંધો ધમધમી રહ્યો છે. યુવાધન પોતાની મરણમૂડી અહીં હારી રહ્યું છે અને સ્થાનિક બીટ પોલીસ તમાશો જોઈ રહી છે.

૨. સાપા ગામ (નવી વસાહત): આ ગામની નવી વસાહતમાં વરલી મટકાનો જુગાર ખુલ્લેઆમ ચાલે છે. વડોદરા શહેરના રીઢા જુગારીઓ અને અસામાજિક તત્વો માટે આ ગામ સેફ હેવન બની ગયું છે. બહારથી આવતી ગાડીઓ માટે ખાસ પ્રોટેક્શન ગોઠવાતું હોવાની ચર્ચા છે.

૩. કંડારી ગામ: આખું ગામ દેશી દારૂના વેચાણ કેન્દ્રોમાં ફેરવાઈ ગયું છે. ગલીએ-ગલીએ ઝેર વેચાઈ રહ્યું છે, જાણે પોલીસ સ્ટેશન નહીં પણ બુટલેગરોની સત્તાવાર ઓફિસ ચાલતી હોય તેવી સ્થિતિ છે.

૪. કરમડી ગામ: કરજણ પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિલોમીટર દૂર આવેલા આ કરમડી ગામમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ચોવીસ કલાક ધમધમી રહી છે. આ ગામ ઝેરી કેમિકલયુક્ત દેશી દારૂ ઉકાળતી ભઠ્ઠીઓનું મુખ્ય હબ બની ગયું છે. અહીં એવું ખતરનાક કેમિકલ વપરાય છે જે ગમે ત્યારે કરજણની ધરતી પર મોટો લઠ્ઠાકાંડ સર્જી શકે છે. શું આ ભ્રષ્ટ તંત્ર માસૂમોની લાશોના ઢગલા જોયા પછી જ જાગશે?

#### 23 લાખના દારૂ કૌભાંડનો આરોપી હનુ કામડિયા ફરી કમાઉ દીકરો કેવી રીતે બન્યો?

આ આખા કાળા સામ્રાજ્યનો અસલી માસ્ટરમાઈન્ડ કરજણ પોલીસનો જ કલંકિત કોન્સ્ટેબલ હનુ કામડિયા છે. આ એ જ હનુભા છે જે અગાઉ ૨૩ લાખ રૂપિયાના વિદેશી દારૂના મસમોટા કૌભાંડમાં બુટલેગરો સાથે સીધી ભાગીદારીમાં જેલની હવા ખાવા ઉપરાંત સસ્પેન્ડ થઈ ચૂક્યો છે અને જેને વડોદરા જિલ્લા બહાર હાંકી કઢાયો હતો. પરંતુ, સવાલ એ છે કે જેલ રિટર્ન હોવા છતાં કયા મોટા રાજકીય આકાના ઈશારે આ ભ્રષ્ટ કોન્સ્ટેબલને ફરી કરજણમાં જ મલાઈદાર વહીવટદારની ખુરશી સોંપાઈ? કરજણના પી. આઈ. પટેલ માટે આ હનુભા અત્યારે સોનાની લગડી સમાન સાબિત થઈ રહ્યો છે. પી.આઈ. પટેલની સીધી છત્રછાયામાં હનુભા રોજ બુટલેગરો સાથે બેસીને વિદેશી દારૂનું કટિંગ કરાવી રહ્યો છે અને આ કાળા વહીવટમાંથી કરોડો રૂપિયાની બેનામી મિલકતો ઊભી કરી રહ્યો છે.

#### એલસીબી મૌન, ગૃહમંત્રીના આદેશો ફેઈલ: ગાંધીનગર SMC ક્યારે ત્રાટકશે?

કરજણના પાદરે આવીને રાજ્યના ગૃહમંત્રીના કડક આદેશો પણ દમ તોડી દે છે. માત્ર દારૂ-જુગાર જ નહીં, કરજણમાં હવે ગાંજા અને ચરસ જેવા જીવલેણ નશાનું નેટવર્ક પણ સક્રિય થયું છે. જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા એટલે કે એલસીબી પણ આ અડ્ડાઓ સામે લાલ આંખ કરવાને બદલે મીઠી નજર રાખીને બેઠી છે, કારણ કે સૂત્રોના જણાવ્યા મુજબ વહીવટદાર હનુભા દર મહિને લાખો રૂપિયાના હપ્તા છેક ઉપર સુધી પહોંચાડવાનું સેટિંગ સંભાળે છે! આ વહીવટદારની દાદાગીરી એટલી વધી ગઈ છે કે તે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની સત્તાને પણ કશું ગણતો નથી. આ મામલે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ એટલે કે એસએમસી માં પણ લેખિત પુરાવા સાથે ફરિયાદો થઈ ચૂકી છે.

#### પાક્કો ગુજરાતના સીધા અને ધારદાર સવાલો:

૧. વડોદરા જિલ્લા પોલીસ વડા અગ્રવાલ સાહેબ, તમારી નાક નીચે એક જેલ રિટર્ન કોન્સ્ટેબલ આખું તાલુકા પોલીસ સ્ટેશન ચલાવે છે, શું તમે આ ભ્રષ્ટ વહીવટદાર હનુ કામડિયા અને પીઆઈ પટેલને તાત્કાલિક સસ્પેન્ડ કરીને તેમની કરોડોની બેનામી સંપત્તિની તપાસ વિજિલન્સ કે એસીબીને સોંપશો? ૨. ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ કરજણના આ ચાર ડેન્જર ઝોન પર ક્યારે ગુપ્ત દરોડા પાડીને આ ખાખી-બુટલેગરના નેક્સસના રામ રમાડશે? ૩. રાજકીય આકાઓના જોરે કૂદતા આવા ભ્રષ્ટ કર્મચારીઓ સામે સરકાર ક્યારે દાખલારૂપ કડક કાનૂની કાર્યવાહી કરીને જેલ ભેગા કરશે?

અમારો ખુલ્લો પડકાર:

કરજણની જનતા હવે આ નરકાગાર અને હપ્તાખોરીની સિસ્ટમથી ત્રાહિમામ પોકારી ગઈ છે. જો કરજણમાં ચાલતો આ મોતનો કારોબાર અને કરોડોનો ભ્રષ્ટાચાર તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે, તો પાક્કો ગુજરાત ન્યૂઝ આગામી અંકમાં આ ભ્રષ્ટ ત્રિપુટીના ઓડિયો-વીડિયો પુરાવા અને કરોડોની બેનામી મિલકતોના સત્તાવાર દસ્તાવેજો સાથે એવો મહાવિસ્ફોટ કરશે કે ગાંધીનગર સુધીના પાયા હચમચી જશે! તૈયાર રહેજો!




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## નડિયાદવાસીઓ માટે ખુશખબર : રૂપિયા 6 કરોડના તોતિંગ ખર્ચે નડિયાદ-પીજ રોડના નવીનીકરણ કાર્યનો ભવ્ય પ્રારંભ

નડિયાદ

નડિયાદ શહેરના વિકાસની ગતિને વધુ વેગ આપતા એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. નડિયાદવાસીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા નડિયાદ-પીજ રોડના નવીનીકરણ અને આધુનિકીકરણના કાર્યનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. શહેરના ટ્રાફિક અને અવરજવર માટે મુખ્ય ગણાતા આ માર્ગને વધુ મજબૂત અને ટકાઉ બનાવવા માટે સરકાર દ્વારા રૂપિયા ૬ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, જેનાથી આ વિસ્તારનો નકશો બદલાઈ જશે. આ રોડના નવીનીકરણની કામગીરીની પ્રગતિ અને ગુણવત્તા નિહાળવા માટે નડિયાદના લોકપ્રિય ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ અને નડિયાદના મેયર મનીષભાઈ પટેલે ખાસ મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર જઈને ચાલી રહેલા કામનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરને કામગીરી સમયસર અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત નડિયાદના વલ્લભનગર ચાર રસ્તાથી લઈને રામદેવપીર મંદિર સુધીના મહત્વના માર્ગ પર માર્ગ અને મકાન વિભાગ એટલે કે આર એન્ડ બી ડિપાર્ટમેન્ટ દ્વારા અત્યાધુનિક સીસી રોડ (કોંક્રિટ રોડ) બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. વર્ષોથી આ માર્ગ પર ચોમાસા દરમિયાન કે ભારે વાહનોની અવરજવરને કારણે પડતી મુશ્કેલીઓનો હવે કાયમી અંત આવશે.

## શાહીબાગ હેડ કવાટરમાં ગેસના સેલ છોડવામાં આવતા આસપાસમાં અસર, વાહન ચાલકોને આંખમાં બળતરાની ફરિયાદ

અમદાવાદ

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે ટીયર ગેસ સેલ અંગેની પ્રેક્ટિસ થઈ રહી હતી ત્યારે હેડ ક્વાર્ટરમાં સેલ છોડવામાં આવતા રિવરફ્રન્ટ પાસે આવેલા શિલાલેખ અને આસપાસના વિસ્તારમાં તેની અસર થઈ હતી. કેટલાક વાહનચાલકોને આંખમાં બળતરાની ફરિયાદો ઉઠી હતી. અચાનક જ આંખમાં બળતરા થતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકોમાં અફરાતફરી ફેલાઈ ગઈ હતી અને લોકો રોડ ઉપર ઊભા રહી ગયા હતા.જેના વીડિયો પણ વાયરલ થયા હતા. મળતી માહિતી મુજબ શાહીબાગ વિસ્તારમાં પોલીસ હેડક્વાર્ટર ખાતે રથયાત્રાના અનુસંધાને પોલીસ કર્મચારીઓના ટીયર ગેસ છોડવામાં અંગેની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. આજે સવારના સમયે જ્યારે ટીયર ગેસના સેલ છોડવા અંગેની પ્રેક્ટિસ થઈ રહી હતી ત્યારે સેલ છોડવામાં આવતા તેની અસર આસપાસના વિસ્તારમાં થઈ હતી. રિવરફ્રન્ટ રોડ અને શિલાલેખ ફ્લેટ સુધી તેની અસર જોવા મળી હતી જેમાં રિવરફ્રન્ટ રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓની આંખોમાં બળતરા તથા પાણી આવવાની ફરિયાદો સામે આવી હતી. સ્થાનિક વ્યક્તિ દ્વારા આ વીડિયો ઉતારીને વાયરલ કરવામાં આવ્યો હતો. ગેસના સેલ ફોડવામાં આવ્યા હતા તેના કારણે આંખમાં બળતરા થઈ હતી એવું વીડિયોમાં જણાવવામાં આવ્યું હતું.

અચાનક જ આંખમાં બળતરાની અસર થતાં લોકોમાં થોડા સમય માટે ગભરાટનો માહોલ સર્જાયો હતો. ઘણા લોકો વાહન ઉભા રાખીને આંખો ધોઈને રાહત મેળવતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાક વાહનચાલકોએ સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાહનો ધીમા કર્યા હતા.આ ઘટનાને કારણે રિવરફ્રન્ટ રોડ પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વાહન ચાલકોએ મોઢે બાંધેલું હોવા છતાં પણ તેમને અસર થઈ હતી.

## ઘુમામાં પ્લોટના બોગસ દસ્તાવેજો બનાવી 1 કરોડની લોન લેવાઈ : સોસાયટીના ચેરમેનની ખોટી સહી-સિક્કા કરી છેતરપિંડી

અમદાવાદ

અમદાવાદ શહેરના ઘુમામાં એક સોસાયટીના પ્લોટના ખોટા અને બનાવટી દસ્તાવેજો ઊભા કરી બરોબર લોન લેવાઈ હોવાનું સામે આવ્યું છે. પ્લોટના માલિકનો દીકરો પ્લોટ પર પહોંચતા જાણ થઈ હતી. તપાસ કરતા ચાર શખસોએ સોસાયટીના ચેરમેનની ખોટી સહી અને સિક્કા મારીને બનાવટી એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફિકેટ બનાવ્યા હતા. જે અંગે વૃદ્ધાએ બોપલ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે.

સિંધુભવન રોડ પર રહેતા 72 વર્ષીય વૃદ્ધા ભાનુબેન પટેલે બોપલ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે કે ઘુમા ગામના શ્રી વ્રજશ્યામ સોસાયટીમાં તેમનો પ્લોટ આવેલ છે.ભાનુબેને આ પ્લોટ ડિસેમ્બર 2020માં અગાઉના માલિક પાસેથી વેચાણ રાખ્યો હતો. 9 માર્ચના રોજ તેમનો દીકરો પ્લોટ પર આંટો મારવા ગયો ત્યારે ત્યાં ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડની નોટિસ લાગેલી જોઈ હતી. આ પછી ડિજિટલ દસ્તાવેજો કઢાવી તપાસ કરતા સામે આવ્યું કે, આરોપીઓ કમલેશ અને દિપકે વર્ષ 1999નો ખોટો એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ બનાવ્યા હતા.

આ બોગસ દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી, આરોપી નિર્મલ બાલાણીએ એપ્લિકન્ટ અને ભાવેશ બાલાણીએ કો-એપ્લિકન્ટ તરીકે સહીઓ કરી. 31 ઑક્ટોબર, 2023ના રોજ ફાઈનાન્સ કંપનીમાં વૃદ્ધાનો પ્લોટ ગીરો મૂકી 1 કરોડની લોન લીધી હતી. આ તમામ રૂપિયા આરોપીઓએ વાપરી નાખી હતા. આમ વૃદ્ધાને જાણ થતા આ અંગે 4 શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## વ્યંઢળોએ કોર્ટ કેમ્પસમાં આરોપીને લાફો માર્યો : પોક્સોના આરોપીને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરના ઉસ્માનપુરા ખાતે ચાંપાનેર સોસાયટી પાસે આવેલા મંદિર નજીક રહેતા સંજય બાબુલાલ વ્યાસ વિરુદ્ધ પોક્સોનો ગુનો નોંધાયેલો છે. તેમની વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદને લઈ તેઓ પોતાની દીકરી સાથે ભદ્ર સ્થિત સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મુદત માટે ગયા હતા. જ્યાં તેમને વ્યંઢળોએ લાફો મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે કારંજ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ સંજય વ્યાસ અને તેમની દીકરી કોર્ટ નંબર 15 બહાર પોતાના કેસના નંબરની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન કેસની મુદત માટે આવેલા કશીશ દે અને ભાવના દે ત્યાં આવ્યા હતા. સંજય વ્યાસનો આક્ષેપ છે કે બંને તેમની પાસે આવીને લાફો માર્યો હતો, જે બાદ ગાળાગાળી કરી હતી અને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ઘટનાના સમયે સોનમ દે, સુનિતા દે અને કામિની દે પણ ત્યાં હાજર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. અગાઉ સંજય વ્યાસે આરોપીને ઉછીના પૈસા અપાવ્યા હતા જે પરત ન આપવા પડે તે માટે ધમકી આપી હતી. કોર્ટ પરિસરમાં બનેલી આ ઘટનાને પગલે સંજય વ્યાસે સંબંધિત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### યેયુરની ટેકરીઓમાં કાયદાનું શ્રાદ્ધ અને પાપનો નગ્ન નાચ

# રાજા ઠાકુરની ગુનાહિત દાદાગીરી સામે ઠાણે કમિશનર ચૂપ

## PI માનેની નાક નીચે કરોડોની કાળી કમાણીનો જલસા ઉત્સવ




### વગદાર બંગલાની આડમાં ચાલતું આંતરરાજ્ય સટ્ટાબાજીનું કરોડોનું સામ્રાજ્ય, જુગારના કાળા નાણાં આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે વપરાતા હોવાનો 'પાક્કો ગુજરાત'નો મહાવિસ્ફોટ

ઠાણે

સ્માર્ટ સિટી અને કાયદાના શાસનની મિથ્યા ગુલબાંગો પોકારતા ઠાણે શહેરમાં કાયદો, વ્યવસ્થા અને ખાખી વર્દીની આબરૂના લીરેલીરા ઉડી ગયા છે. એક તરફ મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર લાઈવ ચાલી રહ્યું છે અને નેતાઓ ભ્રષ્ટાચાર મુક્ત શાસનના પોકળ દાવાઓ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ સત્તાના કેન્દ્રથી માત્ર થોડા જ કિલોમીટર દૂર વર્તક નગર પોલીસ સ્ટેશનની હદમાં દેશનું સૌથી મોટું અને ખતરનાક આંતરરાજ્ય જુગાર સિન્ડિકેટ બેખૌફ ધમધમી રહ્યું છે. પાક્કો ગુજરાત ન્યૂઝને મળેલી અત્યંત સનસનાટીપૂર્ણ અને વિસ્ફોટક માહિતી મુજબ, ઉપવન પટસરની ઠીક પાછળ અને યેયુર ચેક પોસ્ટની છાતી પર આવેલો એક આલીશાન બંગલો, જે એક ઉચ્ચ નેતાના વીઆઈપી નામે ઓળખાય છે, તેને આંતરરાજ્ય મિની કેસિનો અને પાપની ભઠ્ઠીમાં ફેરવી દેવાયો છે. વગદાર નેતાઓના નામે આખું પોલીસ તંત્ર આ અડ્ડા સામે નતમસ્તક થઈ ગયું છે અને કોઈ સાહેબમાં ત્યાં દરોડો પાડવાની ઓકાત રહી નથી.

### ચાર્ટર્ડ ગાડીઓમાં આવતા સફેદપોશ માફિયાઓ : અબજો રૂપિયાનો સટ્ટો

આ કોઈ ગલી-કૂંચીનો સામાન્ય અડ્ડો નથી, પણ કોર્પોરેટ સ્ટાઈલમાં ઓપરેટ થતું ઈન્ટર-સ્ટેટ બ્લેક મની સિન્ડિકેટ છે, જ્યાં રોજ રાત્રે અબજો રૂપિયાનું આંધણ થાય છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પાસે ઉપલબ્ધ પાકા પુરાવા મુજબ, આ કાળા અડ્ડા પર દાવ લગાવવા માટે ગુજરાતના હીરા બજારના મોટા ગજાના વહેપારીઓ, રાજસ્થાનના રીઢા સટ્ટાબાજો, હરિયાણાના જમીન માફિયાઓ અને મુંબઈ-નાસિકના સફેદપોશ ગુનેગારો રાતના અંધારામાં કરોડોની લક્ઝુરિયસ ગાડીઓ લઈને લાઈન લગાવે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે જ્યારે આ વીઆઈપી જુગારીઓની ગાડીઓ યેયુર ચેક પોસ્ટ પરથી પસાર થાય છે, ત્યારે વર્તક નગર પોલીસની પેટ્રોલિંગ ગાડીઓ અંધશ્રદ્ધાની જેમ પોતાની આંખો બંધ કરીને રસ્તો બદલી નાખે છે.

### કાળા સામ્રાજ્યના કિંગપિન અને સામાજિક ષડયંત્રનો ખુલાસો

આ ગેરકાયદેસર કાળા સામ્રાજ્યનું માળખું અત્યંત શાતિર અને પદ્ધતિસર રીતે વણાયેલું છે. રાજા ઠાકુર અને જીતુ જલગાંવ આ કાળા સામ્રાજ્યના અસલી અન્નદાતા, કિંગપિન અને ફાઈનાન્સર છે. આ અડ્ડા પર કોઈ કાયદાના રક્ષકો પહોંચી ન શકે તે માટે મંગેશ ભોંસલે અને શેખર વડાલા જેવા ખુંખાર બાઉન્સરોની સેના તૈનાત કરવામાં આવી છે. આ આખી લૂંટની ટોળકીનો મુખ્ય વ્યૂહરચનાકાર અને કેશિયર ગોપાલ શર્મા છે, જેનું કામ પોલીસ અને વહીવટીતંત્રના મોટા સાહેબોના મોઢા બંધ રાખવા માટે દર મહિને કરોડો રૂપિયાની લાંચ અને હપ્તા પહોંચાડવાનું છે. આ રેકેટનો મુખ્ય સૂત્રધાર રાજા ઠાકુર પોતાને નાયબ મુખ્યમંત્રી કક્ષાના નેતાઓનો ખાસ માણસ ગણાવીને કાયદાને જૂતાની અણી પર રાખે છે.

પરંતુ, આ મામલાનો સૌથી ભયાનક અને રાષ્ટ્રવિરોધી અંશ એ છે કે આ કેસિનો માત્ર હાર-જીતના જુગાર પૂરતો સીમિત નથી. સૂત્રોના ચોંકાવનારા દાવા મુજબ, આ જુગારના અડ્ડામાંથી વસૂલાતી કાળી કમાણીનો એક બહુ મોટો હિસ્સો મેનેજર રફા અને ભૂરિયાના માધ્યમથી આસપાસના ગરીબ આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, ધર્માંતરણ અને સામાજિક સૌહાર્દ બગાડતા ચોક્કસ નેટવર્કને ફંડ કરવા માટે વાપરવામાં આવી રહ્યો છે. જુગારના આ ગંદા પૈસાનો ઉપયોગ દેશના સામાજિક માળખાને તોડવા અને ગેરકાયદેસર કાવતરાંઓ ઘડવા માટે થઈ રહ્યો હોવાની પ્રબળ આશંકા છે.

### ખાખી પર કાળો ડાઘ : કમિશનરની લાચારી અને સીએમઓની ચુપકીદી

વર્તક નગર પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઈ માનેની નાક નીચે આ આખો ગોરખધંધો ચાલી રહ્યો છે અને થાણામાં રોજ નોટોથી ભરેલી બેગ પહોંચાડવામાં આવી રહી હોવાના ખુલ્લેઆમ આક્ષેપો થઈ રહ્યા છે. ઠાણે પોલીસ કમિશનરથી લઈને ડીસીપી સ્તર સુધીના તમામ મોટા સાહેબોને પુરાવા સાથે લેખિત ફરિયાદો કરવા છતાં આખી સિસ્ટમ મૌન સાધીને લાચારી ભોગવી રહી છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ ઠાણે પોલીસ પ્રશાસનને ખુલ્લો પડકાર ફેંકે છે કે જો તમારામાં સહેજ પણ નૈતિકતા બચી હોય તો પોતાની હદમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ ચલાવવા દેનાર સિનિયર પીઆઈ માનેને તાત્કાલિક સસ્પેન્ડ કરો અને તેમની અપ્રમાણસર મિલકતોની તપાસ એન્ટી-કરપ્શન બ્યુરો દ્વારા કરાવો. અમારો આક્રોશ અને જનજાગૃતિ અભિયાન ત્યાં સુધી અટકશે નહીં જ્યાં સુધી યેયુરની ટેકરીઓને કલંકિત કરનારો આ મિની કેસિનો હંમેશા માટે સીલ નહીં થાય અને રફા, ભૂરિયા તથા રાજા ઠાકુર જેવા મગરમચ્છો જેલના સળિયા પાછળ સડશે નહીં.

### રિલાયન્સ કંપનીમાં કામદારોની રોજીરોટી પર તરાપ

## 20 વર્ષથી સેવા આપતા 120 જેટલા કેન્ટીન કર્મીઓને ગેરકાયદેસર રીતે દૂધમાંથી માખીની જેમ કાઢી મુકાયા..!

વડોદરા

વડોદરામાં આવેલી દેશની દિગ્ગજ રિલાયન્સ કંપનીમાંથી એક અત્યંત ચોંકાવનારો અને શ્રમિકોના શોષણનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. કંપનીના વહીવટી તંત્ર દ્વારા છેલ્લા ૨૦-૨૦ વર્ષોથી ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતા અંદાજે ૧૨૦ જેટલા કેન્ટીન કર્મચારીઓને કોઈ પણ આગોતરી નોટિસ કે જાણ કર્યા વિના ગેરકાયદેસર રીતે નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. આ અન્યાય સામે તમામ પીડિત શ્રમિકોએ એક થઈને વડોદરા જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિતમાં રજૂઆત કરી ન્યાય માટે આક્રંદ કર્યું છે. મોંઘવારી આકાશને આંબી રહી છે ત્યારે આ કામદારોનો દાવો છે કે તેઓ માત્ર ૧૧૨ રૂપિયાની નજીવી રોજિંદી મજૂરી (દહાડી) પર કંપનીમાં લોહી-પાણી એક કરી રહ્યા હતા. આજના સમયમાં આટલા ઓછા રૂપિયામાં ઘરખર્ચ ચલાવવો અશક્ય હોવાથી, આ ગરીબ શ્રમિકોએ પોતાના હક અને પેટનો ખાડો પૂરવા માટે દૈનિક મજૂરીમાં માત્ર ૨૦૦ રૂપિયાનો નજીવો વધારો માંગ્યો હતો. પરંતુ, ઉદ્યોગપતિઓની આ કંપનીના પેટનું પાણી ન હલ્યું અને પગાર વધારો આપવાના બદલે કંપની મેનેજમેન્ટે ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી. શ્રમિકોએ જેવો પગાર વધારો માંગ્યો કે તરત જ કંપની દ્વારા કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના રાતોરાત તમામ કર્મચારીઓના ગેટ પાસ બ્લોક કરી તેમને કંપનીની બહારનો રસ્તો બતાવી દેવાયો! પોતાની જુવાનીના ૨૦ વર્ષ જે કંપનીને સદ્ધર કરવામાં હોમી દીધા, તે કામદારોને કાયમી (પરમેનન્ટ) કરવાનો આદેશ આપવાના બદલે રિલાયન્સ કંપનીએ તેમને રસ્તા પર ભીખ માંગતા કરી દીધા છે. કંપનીના આ તાનાશાહી અને અન્યાયી પગલાના કારણે ૧૨૦ પરિવારોના ઘરના ચૂલા ઓલવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. અચાનક આવી પડેલી આ આર્થિક કટોકટી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલા તમામ કેન્ટીન કર્મચારીઓએ ભેગા મળીને આજે કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરને આવેદન પત્ર સુપરત કર્યું હતું.

## ચુકાદા પહેલા જ કોર્ટમાંથી પોક્સો કેસના બે દોષિત ફરાર: પોલીસે શોધખોળ હાથ ધરી

અમદાવાદ

અમદાવાદની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં પોક્સો એક્ટના કેસમાં દોષિત ઠરેલા બે આરોપીઓ કોર્ટ સ્ટાફ અને પોલીસને ચકમો આપી કોર્ટ પરિસરમાંથી ફરાર થઈ ગયા છે. સમગ્ર મામલે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે બંને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

મણિનગરના દલાલ કોલોનીમાં રહેતી અને ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ડેપ્યુટી રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવતી સંધ્યાબેન નિમજેએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ સાણંદ પોલીસ સ્ટેશનમાં વર્ષ-2024 દરમિયાન પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાના આરોપી સાહીલ મકવાણા અને સુલ્તાન ઉર્ફે મનોજકુમાર હારૂનનો કેસ ચાલી રહ્યો હતો. બુધવારે કેસનો ચુકાદો જાહેર થવાનો હોવાથી બંને આરોપીઓને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા.

### સુરતમાં કુદરતનો કહેર

## પૂરે લીધો 30 માસૂમોનો ભોગ, હસતા-રમતા અનેક પરિવારો પળવારમાં નોંધારા બન્યા

ગાંધીનગર

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા અને 'ડાયમંડ સિટી' તરીકે ઓળખાતા સુરત શહેરમાંથી કાળજું કંપાવી દે તેવા અત્યંત દુ:ખદ સમાચાર સામે આવી રહ્યા છે. આકાશી આફત અને પૂરના ભયાનક પ્રકોપ વચ્ચે સુરતમાં અત્યાર સુધીમાં અંદાજે ૩૦ જેટલા નિર્દોષ લોકોના મોત નીપજ્યા છે. આ આંકડો સામે આવતા જ સમગ્ર રાજ્યમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

કુદરતના આ રૌદ્ર સ્વરૂપે સુરતની જનતાને એવો ઝાટકો આપ્યો છે કે જેમાંથી બહાર આવતા વર્ષો નીકળી જશે. આ કોઈ સામાન્ય પાણી ભરાવાની ઘટના નથી, પણ એક બહુ મોટી અને કમકમાટીભરી માનવ ટ્રેજેડી છે. પૂરના ધસમસતા પ્રવાહમાં કોઈ તણાઈ ગયું, તો કોઈ ગટર કે ખાડામાં ખાબક્યું, જ્યારે કેટલાક લોકોના કાચા મકાનો કે દીવાલો ધરાશાયી થતાં તેઓ કાળનો કોળિયો બની ગયા છે. આ ભયાનક દુર્ઘટનાના કારણે અનેક પરિવારો તબાહ થઈ ગયા છે. અનેક ઘરોમાં બાળકોએ પોતાના માતા-પિતા છીનવી લીધા છે, તો ક્યાંક વૃદ્ધ મા-બાપના ઘડપણની લાકડી સમાન જુવાનજોધ દીકરાઓ કાળના ગાલમાં સમાઈ ગયા છે. પૂરના ઓસરેલા પાણી વચ્ચે હવે પરિવારોનો આક્રંદ અને ચીસ સાંભળી પથ્થર હૃદયના માણસની આંખમાંથી પણ આંસુ સરી પડે તેવી સ્થિતિ છે.

આટલી મોટી જાનહાનિ બાદ હવે સ્થાનિક વહીવટી તંત્ર અને કોર્પોરેશનની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. દર વર્ષે કરોડો રૂપિયા પાણીની જેમ વહાવવા છતાં જ્યારે પણ ભારે વરસાદ પડે છે ત્યારે સુરતના નીચાણવાળા વિસ્તારો કેમ મરણિયો કૂવો બની જાય છે? શા માટે સમય રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં ન આવ્યા? તંત્રની આ ઢીલી નીતિ અને નબળા આયોજનના કારણે આજે ૩૦ પરિવારોના ચિરાગ ઓલવાઈ ગયા છે.

## સરદાર એસ્ટેટ પાણીની ટાંકી પાસે લક્ઝરી બસમાં લાગી ભીષણ આગ, ફાયર બ્રિગેડે આગ પર મેળવ્યો કાબૂ

વડોદરા

વડોદરા શહેરમાંથી ફરી એકવાર આગની ચિંતાજનક ઘટના સામે આવી છે. વડોદરાના સરદાર એસ્ટેટ પાણીની ટાંકી પાસે એક લક્ઝરી બસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે આખી બસ આગની લપેટમાં આવી ગઈ હતી અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આ લક્ઝરી બસ શાહ ટ્રાવેલ્સની હોવાનું



જાણવા મળ્યું છે. આગ કયા કારણોસર લાગી તે હજી સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી, પરંતુ સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

### ખેડૂતોનો ડેટા હવે રહેશે ફૂલપ્રૂફ સુરક્ષિત

## કૃષિ વિભાગે બનાવી 'વિભાગીય ડેટા સમિતિ', છેતરપિંડી અને ડેટા લીકેજ પર લાગશે લગામ

ગાંધીનગર

રાજ્યમાં ખેડૂતોની વ્યક્તિગત અને કૃષિ સંબંધિત માહિતીની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે 'વિભાગીય ડેટા સમિતિ' (DDC) ની રચના કરી છે. કેન્દ્ર સરકારના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ-2023 અને ગુજરાત સ્ટેટ ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક અંતર્ગત રચાયેલી આ સમિતિ ખેડૂતોના ડેટાના સુરક્ષિત, પારદર્શક અને વૈજ્ઞાનિક સંચાલન માટે કામ કરશે. નવી વ્યવસ્થા હેઠળ ખેડૂતોની વ્યક્તિગત, બેંકિંગ અને કૃષિ સંબંધિત સંવેદનશીલ માહિતી સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે અને ખેડૂતોની સંમતિ વિના



કોઈપણ પ્રકારના ડેટાનો ઉપયોગ કરી શકાશે નહીં. આ સાથે જ વચેટિયાઓ દ્વારા થતી છેતરપિંડી, ડેટાના દુરુપયોગ અને અનધિકૃત પ્રવેશ પર અસરકારક નિયંત્રણ લાવી શકાય તેવી સરકારની અપેક્ષા છે. કૃષિ વિભાગ અને તેની સાથે સંકળાયેલા બોર્ડ-નિગમો તેમજ કૃષિ યુનિવર્સિટીઓના ડેટાનું સંચાલન અને દેખરેખ આ સમિતિ કરશે. સમિતિનું નેતૃત્વ વિભાગના અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અથવા સચિવ કરશે, જ્યારે મુખ્ય માહિતી સુરક્ષા અધિકારી (CISO), આઈટી નિષ્ણાતો, કાયદાકીય અધિકારીઓ તેમજ સંબંધિત સંસ્થાઓના વડાઓને પણ તેમાં સામેલ કરવામાં આવ્યા છે. ખેડૂતોના ડેટાને વધુ સુરક્ષિત બનાવવા માટે તમામ ડેટા સેટને ઓપન, શેરેબલ, પ્રતિબંધિત, સંવેદનશીલ અને નેગેટિવ લિસ્ટ એમ પાંચ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવશે. હવામાન, કૃષિ ટેકનિક અને બજાર ભાવ જેવી માહિતી સરળતાથી ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે, જ્યારે વ્યક્તિગત અને નાણાકીય માહિતીને ઉચ્ચ સ્તરની સુરક્ષા આપવામાં આવશે. નવી વ્યવસ્થામાં 'કોન્સેન્ટ મેનેજમેન્ટ'ને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ખેડૂતોની મંજૂરી અને સંમતિનો સંપૂર્ણ રેકોર્ડ ડિજિટલ રીતે સુરક્ષિત અને ટ્રેકેબલ રહેશે.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 10 જુલાઈ 2026 | અમદાવાદ

### ગિફ્ટ સિટીમાં આવતીકાલે મેગા રોજગાર ભરતી મેળો


# ગાંધીનગરના યુવાનો માટે રોજગારીના દ્વાર ખૂલ્યા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના બેરોજગાર અને નોકરીની તકો શોધી રહેલા રોજગારવાંચ્છુ યુવાનો માટે એક ખુશખબર સામે આવ્યા છે. રાજ્ય સરકારના પ્રયાસોથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા આવતીકાલે શુક્રવારે સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે ગાંધીનગરના વૈશ્વિક સ્તરના હબ ગણાતા ગિફ્ટ સિટી ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે.જેમાં ધોરણ-12 પાસ અને સ્નાતકોને કોર્પોરેટ સેક્ટરમાં નોકરીની તક મળશે. આવતીકાલે 10 જુલાઈના રોજ સવારે 10 કલાકે ગિફ્ટ સિટી ખાતે આવેલા ક્યુસી બિલ્ડિંગના 19મા માળે ટેક મહિન્દ્રા લિમિટેડની ઓફિસમાં આ ભરતીમેળાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ મેગા જોબફેરમાં આઈટી અને કોર્પોરેટ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપનીના નોકરીદાતાઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને કુશળ અને લાયકાત ધરાવતા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવનાર છે. આ ભરતીમેળામાં ભાગ લેવા માટે સરકારે ચોક્કસ માપદંડો નક્કી કર્યા છે. જે અંતર્ગત 18થી 35 વર્ષની વયજૂથ ધરાવતા ઉમેદવારો જ આ પ્રક્રિયામાં સામેલ થઈ શકશે. શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો ધોરણ-12 પાસ તેમજ કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક કક્ષાની ડિગ્રી ધરાવતા ઉમેદવારો આ ભરતી માટે લાયક ગણાશે. આ સાથે જ શારીરિક રીતે સંપૂર્ણ સશક્ત હોય તેવા જ ઉમેદવારોને આ જોબફેરમાં પ્રાધાન્ય આપવામાં આવશે. આ રોજગાર મેળામાં માત્ર ગાંધીનગર જિલ્લાના જ રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઈ શકશે, જેમાં રોજગાર કચેરીમાં અગાઉથી નામ નોંધણી કરાવેલ હોય તેવા અથવા તો નામ નોંધણી કરાવવાની બાકી હોય તેવા તમામ સ્થાનિક યુવાનો ભાગ લઈ શકશે. જિલ્લા રોજગાર અધિકારી દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકા મુજબ, આ ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારો માટે રાજ્ય સરકારના સત્તાવાર અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

ઉપરાંત ઉમેદવારોએ પોર્ટલની વેબસાઈટ પર જઈને આ જોબફેર માટેના ચોક્કસ આઈડી (JF682279164) નો ઉપયોગ કરીને પોતાનું નામ રજીસ્ટર કરવાનું રહેશે.

તેમજ કાલે નિયત તારીખે અને સમયે ભરતીમેળાના સ્થળે હાજર થતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો, તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલો અને પોતાના અદ્યતન બાયોડેટાની નકલો સાથે રાખવાની રહેશે. ગાંધીનગર જિલ્લાના યુવાનોને આ સુવર્ણ તકનો મહત્તમ લાભ ઉઠાવવા અને પોતાના સપનાની નોકરી મેળવવા માટે રોજગાર કચેરી તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



### 2027માં સરકાર ઉખેડી નાખવાની ખેડૂતોની ખુલ્લી ચીમકી

## જેતપરમાંથી ગાંધીનગર સુધી આક્રોશની જ્વાળા: 12 જિલ્લાના જગતના તાતનું મહામંથન

જેતપુર/રાજકોટ

ગુજરાતના સ્થાપિત હિતો અને સત્તાના નશામાં ચૂર શાસકો સામે ફરી એકવાર જગતના તાતે બળવો પોકાર્યો છે. પોતાની જમીનો અને હક માટે વર્ષોથી લડી રહેલા ખેડૂતોનો ધૈર્યનો બંધ હવે સંપૂર્ણપણે તૂટી ગયો છે. રાજકોટના જેતપર ખાતે ગુજરાતના ૧૨ જુદા-જુદા જિલ્લાના હજારો ખેડૂતોની એક વિરાટ અને ઐતિહાસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક માત્ર ચર્ચા પૂરતી સીમિત નહોતી, પણ આ બેઠકમાંથી સરકારને સીધો અને ખુલ્લો પડકાર ફેંકવામાં આવ્યો છે. ખેડૂત નેતાઓએ ગર્જના કરતા સરકારને સીધી ચેતવણી આપી છે કે જો ખેડૂતોની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં આખી સરકારને સત્તા પરથી ઉખેડીને ફેંકી દેવામાં આવશે. આ વિવાદની મૂળ હકીકત એવી છે કે, સરકાર દ્વારા જુદા-જુદા સરકારી પ્રોજેક્ટ્સ, હાઈવે અને ઉદ્યોગોના નામે ખેડૂતોની કિંમતી જમીનો કવર કરવામાં આવી રહી છે, પરંતુ તેના બદલામાં ખેડૂતોને કાયદાકીય અને બજાર કિંમત મુજબનું યોગ્ય વળતર આપવામાં આવતું નથી. જેતપરની આ મહાબેઠકમાં એકસૂરે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો કે ખેડૂતો કોઈ પણ સંજોગોમાં સરકારની દાદાગીરી સામે ઝૂકશે નહીં અને પોતાની ઈચ્છા તેમજ હક મુજબનું પૂરેપૂરું વળતર મેળવીને જ જંપશે. નેતાઓની મનમાની હવે ખેડૂતોના ખેતરોમાં ચાલવા દેવામાં નહીં આવે.

આ મહાબેઠક સાથે જ ગુજરાતમાં ખેડૂત આંદોલન પાર્ટ-૩ ના ઓફિશિયલ શ્રીગણેશ થઈ ચૂક્યા છે. અગાઉના બે આંદોલનોથી પણ વધુ ઘાતક અને જોરદાર રીતે આ વખતે લડત ચલાવવાની રણનીતિ ઘડાઈ છે. ૧૨ જિલ્લાના ખેડૂત સંગઠનોએ એક થઈને આખા રાજ્યમાં ચક્કાજામ અને ઉગ્ર વિરોધ પ્રદર્શનોની બ્લુપ્રિન્ટ તૈયાર કરી લીધી છે.

### અમેરિકાના સનસનાટીપૂર્ણ દાવાથી ગુજરાત પોલીસની ઊંઘ હરામ

## સાબરમતી જેલમાંથી લોરેન્સ બિશ્નોઈએ વોટ્સએપ કોલ કરીને 41 કરોડની ખંડણી માંગી હોવાનો USએ કર્યો દાવો

અમદાવાદ

ગુજરાતની સૌથી સુરક્ષિત ગણાતી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલની સુરક્ષા વ્યવસ્થા અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની હાઈ-ટેક પોલીસિંગ સામે અમેરિકાની સુરક્ષા એજન્સીઓએ એક એવો સણસણતો દાવો કર્યો છે, જેનાથી સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના ન્યાય વિભાગ એટલે કે યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે સત્તાવાર અહેવાલમાં જણાવ્યું છે કે, સાબરમતી જેલમાં બંધ કુખ્યાત પંજાબ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ જેલની અંદર બેસીને જ બિન્દાસ રીતે વોટ્સએપ કોલ અને સોશિયલ મીડિયા એપ્સનો ઉપયોગ કરી રહ્યો છે. એટલું જ નહીં, તેણે ડિસેમ્બર ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૫ વચ્ચે જેલની અંદરથી અનેક ફોન કોલ્સ અને મેસેજ કરીને અમેરિકાના લોસ એન્જલસ, શિકાગો અને ઓકલેન્ડમાં રહેતા પીડિતો પાસેથી મિલિયન ડોલર્સ એટલે કે આશરે ૪૧ કરોડ રૂપિયાની તોતિંગ ખંડણી વસૂલ કરી છે.

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે લોરેન્સ બિશ્નોઈ અને કેનેડામાં છુપાયેલા તેના મુખ્ય સાથીદાર સતિંદરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રાર પર પ્રતિબંધિત માદક દ્રવ્યોની આંતરરાષ્ટ્રીય દાણચોરી, હથિયારોની હેરાફેરી અને નિર્દોષ લોકોની સોપારી આપી હત્યા કરાવવાના ગંભીર આરોપો મૂક્યા છે. અમેરિકાના રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયું છે કે, બિશ્નોઈનું આ આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ અત્યંત પ્લાનિંગ સાથે સામાજિક અને રાજકીય નેતાઓને નિશાન બનાવે છે અને ત્યારબાદ આ હાઈ-પ્રોફાઈલ ઘટનાઓનો વીડિયો કે મેસેજ વાયરલ કરીને સમાજમાં ભય ફેલાવી કરોડો રૂપિયા પડાવે છે. બીજી તરફ, લોરેન્સ બિશ્નોઈના વકીલ રજની ખનીજાએ અમેરિકાના આ દાવાઓ પર આકરા સવાલો ઉઠાવ્યા છે.

તેમણે જણાવ્યું છે કે, તેમનો ક્લાયન્ટ ૨૦૨૩ થી સાબરમતી જેલની અંદર હાઈ-સિક્યોરિટી સેલમાં બંધ છે, જ્યાં ચાર હજાર જેટલા સીસીટીવી કેમેરાથી ૨૪ કલાક કડક દેખરેખ રાખવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તેની સામે કલમ ૩૦૩ લાગુ કરી હોવાથી તે જેલની બહાર ક્યાંય જઈ શકતો નથી અને કોર્ટની સુનાવણીમાં પણ માત્ર વિડીયો કોન્ફરન્સિંગથી જ હાજર રહે છે. વકીલની દલીલ છે કે જો લોરેન્સ જેલમાંથી ખંડણી માટે વોટ્સએપ વાપરતો હતો, તો તપાસ એજન્સીઓએ તાત્કાલિક તેના પુરાવા આપવા જોઈએ. તેમણે એમ પણ ઉમેર્યું કે લોરેન્સ સામે દાખલ થયેલા ૪૦ કેસોમાં તે નિર્દોષ છૂટી ચૂક્યો છે. જોકે, રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઈએ ની ૨૦૨૨ની ચાર્જશીટ અમેરિકાના આ આક્ષેપોને મજબૂત સમર્થન આપે છે.

## એક્ટિવા સ્લીપ થતાં ચાલકનું મોત : અડાલજ કેનાલ બ્રિજ પાસે પુરપાટ ઝડપે જતા સમયે બની ઘટના

ગાંધીનગર

ગાંધીનગરના અડાલજથી ઝુંડાલ તરફ જતા નર્મદા કેનાલ બ્રિજ પાસે પુરપાટ ઝડપે જઈ રહેલું એક્ટિવા સ્લીપ થવાથી ગંભીર ઈજાગ્રસ્ત ચાલકનું એક દિવસની સારવાર પછી મોત નીપજ્યું છે. આ મામલે અડાલજ પોલીસ સ્ટેશનમાં મૃતકની પત્ની દ્વારા જ પોતાના મૃતક પતિ વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના વસઈ ગામના વતની અને હાલ અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી નીલકંઠ મહાદેવની અગિયાર ઓરડીઓમાં રહેતા દક્ષાબા રાઠોડે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમના 34 વર્ષીય પતિ દિલીપસિંહ કનુજી રાઠોડ અમદાવાદના વિજય ચાર રસ્તા ખાતે આવેલી ફિનબોક્સ ફાઈનાન્સની ઓફિસમાં પટાવાળા તરીકે નોકરી કરતા હતા. તેઓ નોકરીએ અપડાઉન કરવા માટે તેમની ઓફિસના એક્ટિવાનો ઉપયોગ કરતા હતા. 30 જૂનના રોજ દિલીપસિંહ અને તેમની પત્ની દક્ષાબા બંને માસીજીની પુણ્યતિથિ નિમિત્તે પોતાના વતન વસઈ ડાભલા ખાતે ગયા હતા.

### સુરતમાં પાણી ભરાવા મુદ્દે ગાંધીનગરથી છૂટ્યો આદેશ

## CM ભૂપેન્દ્ર પટેલ લાલઘૂમ, બેદરકાર સાહેબો અને ભ્રષ્ટ એજન્સીઓનો બરોબરનો લીધો ઉધડો

**'વરસાદ રોકાયા પછી પણ પાણી કેમ નથી ઓસર્યા?' - સીએમના વેધક સવાલોથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓના પસીના છૂટ્યા, કડક કાર્યવાહીની તોળાતી તલવાર**

ગાંધીનગર/સુરત

સુરત શહેરમાં પ્રી-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયા ઓહિયા કરી જનારા ભ્રષ્ટ તત્વો અને એસી ચેમ્બરોમાં બેસીને માત્ર કાગળ પર આયોજન કરનારા મોટા સાહેબો સામે આખરે મુખ્યમંત્રીએ લાલ આંખ કરી છે. સુરતમાં મુશળધાર વરસાદ બાદ જે રીતે આખું શહેર જળબંબોળ થયું અને પ્રજા નરકાગાર સ્થિતિમાં મૂકાઈ ગઈ, તેના પડઘા છેક ગાંધીનગર સચિવાલય સુધી પડ્યા છે. સુરતની આ ગંભીર પરિસ્થિતિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં એક હાઈલેવલ સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્યમંત્રીએ નબળી પ્રી-મોન્સૂન કામગીરીને લઈને જવાબદાર અધિકારીઓનો જાહેરમાં બરોબરનો ઉધડો લીધો હતો. બેઠક દરમિયાન મુખ્યમંત્રીનો પિત્તો ગયો હતો અને તેમણે સુરતના ઉચ્ચ અધિકારીઓ પર આકરા સવાલોનો મારો ચલાવતા પૂછ્યું હતું કે, જ્યારે વરસાદ રોકાઈ ગયો છે તો પછી હજુ સુધી રસ્તાઓ અને સોસાયટીઓમાંથી પૂરના પાણી કેમ નથી ઓસર્યા? પ્રશાસનની ઘોર શિથિલતા અને બેદરકારી સામે ભારે નારાજગી અને આક્રોશ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓન ધ સ્પોટ કડક આદેશો જારી કર્યા છે કે આ પરિસ્થિતિ માટે જે પણ અધિકારી જવાબદાર હોય અને જે પણ એજન્સીઓએ ગટર કે ડ્રેનેજ સફાઈનું નબળું કામ કર્યું હોય, તેમની સામે તાત્કાલિક ધોરણે કડક કાનૂની અને વહીવટી કાર્યવાહીના કોરડા વીંઝવામાં આવે. મુખ્યમંત્રીના આ રૌદ્ર સ્વરૂપને પગલે સુરત મહાનગરપાલિકાના કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. કરોડો રૂપિયાના પ્રિ-મોન્સૂન પ્લાનિંગના ભ્રષ્ટાચારની પોલ ખુલી જતાં હવે નેતાઓ અને અધિકારીઓ એકબીજા પર દોષનો ટોપલો ઢોળવા મથી રહ્યા છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સરકારને વિનંતી કરે છે કે આ વખતે માત્ર કાગળ પરની નોટિસ આપીને બેદરકારોને છોડી ન મૂકવામાં આવે, પણ જનતાને મુશ્કેલીમાં મૂકનારા આ ભ્રષ્ટ બાબુઓને સસ્પેન્ડ કરીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે તો જ ભવિષ્યમાં પ્રજાના ટેક્સના પૈસાનું સાચું મૂલ્ય જળવાશે.

## તંત્રની ઘોર બેદરકારી: કવાંટના છોડવાની ગામે તાડકાછલા યોજના બની આફત, પાણીના વેડફાટ સાથે ખેડૂતોનો ઊભો પાક રોળાયો

કવાંટ

એક તરફ સરકાર છેવાડાના માનવી સુધી પાણી પહોંચાડવાના મોટા-મોટા દાવા કરે છે, ત્યારે બીજી તરફ કવાંટ તાલુકાના છોડવાની ગામે વિકાસના નામે વિનાશ જેવી સ્થિતિ સર્જાઈ છે. અહીં ચાલી રહેલી તાડકાછલા પાણી પુરવઠા યોજના હેઠળની કામગીરી તંત્ર અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીનો જીવતો જાગતો પુરાવો બની ગઈ છે. જવાબદારોની આડોડાઈ અને નબળા આયોજનને કારણે હજારો લીટર કિંમતી પાણીનો સરેઆમ વેડફાટ થઈ રહ્યો છે. આ યોજનાની નબળી કામગીરીને કારણે પાણી પાઈપલાઈનો કે નળમાં પહોંચવાને બદલે સીધું ખેડૂતોના ખેતરોમાં ફરી વળ્યું છે. આ અણઘડ કામગીરીના કારણે ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે અને ખેડૂતોએ રાત-દિવસ એક કરીને લોહી-પાણી એક કરી ઉગાડેલો ઊભો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. મોંઘા ભાવના



બિયારણ, ખાતર અને મહેનત પર પાણી ફરી વળતા સ્થાનિક ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ભ્રષ્ટાચાર કે બેદરકારી? ખેડૂતોને થયેલા આ આર્થિક નુકસાનની ભરપાઈ કોણ કરશે? તેવા તીખા સવાલો હવે જનતા પૂછી રહી છે. જો ઉચ્ચ કક્ષાએથી તાત્કાલિક તપાસ કરીને આ લિકેજ અને નબળી કામગીરી બંધ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ખેડૂતો ઉગ્ર આંદોલન છેડે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે. ઘોર નિંદ્રામાં સૂતેલું તંત્ર હવે તો જાગે અને આ નુકસાનીનું વળતર ચૂકવે તેવી લોકમાંગ ઉઠી છે.

### સામાન્ય બોલાચાલીમાં આશાસ્પદ કૃષ્ણરાજસિંહની ઘાતકી હત્યાથી હાહાકાર

## રાજકોટના નાનામવામાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા વચ્ચે ક્ષણિક ક્રોધે નોતર્યો કાયમી વિનાશ

રાજકોટ

રંગીલા રાજકોટના નાનામવા ગામે તાજેતરમાં બનેલી એક અત્યંત હૃદયદ્રાવક, સ્તબ્ધ કરી દેનારી અને અરેરાટીભરી ઘટનાએ માત્ર એક પરિવારને જ નહીં, પણ આખા સમાજની સંવેદનાઓને હચમચાવી મૂકી છે. એક સામાન્ય બોલાચાલી, અહમ અને ઈગોની લડાઈ તેમજ માત્ર બે મિનિટનો બેકાબૂ આક્રોશ કેટલો ભયાનક હોઈ શકે છે, તેનું આ જીવંત અને કરુણ ઉદાહરણ છે. નાનામવા ગામે નજીવી બાબતે થયેલા ઝઘડામાં સમાજના એક આશાસ્પદ અને તેજસ્વી દીકરા કૃષ્ણરાજસિંહ જાડેજાની નિર્મમ અને ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે. આ હિંસક ઘટનાના કારણે એક હસતા-રમતા પરિવારમાં કાયમ માટે અંધકાર છવાઈ ગયો છે. દિવંગત કૃષ્ણરાજસિંહ જાડેજાના આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પી સમગ્ર પંથક આ વજ્રઘાત સહન કરવાની શક્તિ પરિવારને મળે તેવી પ્રાર્થના કરી રહ્યો છે.

આ ઘટના સમાજ સામે એક મોટો વેધક સવાલ ઉભો કરે છે કે, શું બે મિનિટનો ગુસ્સો કોઈના અમૂલ્ય જીવન કરતાં પણ મોટો છે? આજનો માણસ એવી તે કેવી અંધાધૂંધ દોડ લગાવી રહ્યો છે જ્યાં સહનશીલતા, સંયમ અને માનવીય મૂલ્યો સાવ ખૂટી ગયા છે. નાની-નાની વાતોમાં હથિયારો ઉપાડી લેવા કે સીધા ઘાતક હુમલા કરવા એ બહાદુરી નથી, પણ કાયરતા અને માનસિક નાદારીની નિશાની છે. જે વ્યક્તિ ગુસ્સામાં આવીને આવું જઘન્ય પગલું ભરે છે, તે કદાચ જેલમાં જશે કે કાયદાના સકંજામાં આવશે, પણ જેણે પોતાનો વ્હાલસોયો દીકરો, પતિ કે પિતા ગુમાવ્યો છે એ નિર્દોષ પરિવાર અને માસૂમ બાળકોની કફોડી હાલતનો વિચાર કોણ કરશે? એ અનાથ બનેલા બાળકોની સવાર હવે ક્યારેય પિતાના સ્નેહ સાથે નહીં થાય. પત્ની અને વૃદ્ધ માતા-પિતાની આખી જિંદગી હવે આંસુઓમાં જ રોળાઈ જશે. ક્ષણિક આવેશની કિંમત આખા પરિવારે આજીવન ભોગવવી પડે છે.

આ દુઃખદ ઘટનામાંથી સમગ્ર સમાજે અને ખાસ કરીને યુવા પેઢીએ એક કડવો પાઠ લેવાની જરૂર છે કે જ્યારે પણ કોઈ વિવાદ કે બોલાચાલી થાય, ત્યારે બે ડગલાં પાછળ હટી જવું એ કાયરતા નથી, પણ સૌથી મોટી સમજદારી છે. માણસનો એક ક્ષણનો સંયમ બે પરિવારોને બરબાદ થતા બચાવી શકે છે. 'હું કોણ?' કે 'મને કેમ કહી ગયો?' વાળો ખોટો અહંકાર હંમેશા વિનાશ તરફ જ દોરી જાય છે. વેરથી વેર ક્યારેય શમતું નથી, એ તો માત્ર સ્મશાન ભણી લઈ જાય છે. આજના સમયમાં આપણા સંતાનોને માત્ર ભૌતિક સુખ-સુવિધાઓ જ નહીં, પણ મુશ્કેલ પરિસ્થિતિમાં શાંત રહેવાના અને વિવાદોને વાતચીતથી ઉકેલવાના સંસ્કાર આપવા અનિવાર્ય બન્યા છે. કોઈપણ વિવાદમાં કાયદો હાથમાં લેવાને બદલે સમજદારીથી કામ લેવાય તો જ ભવિષ્યમાં કોઈ માતાનો દીકરો આવી ક્ષણિક ક્રોધનો ભોગ બનતો અટકશે.

## ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર વડાલી પોલીસ અને GSRTCની લાલ આંખ: 10 ઓવરલોડ ઈકો ગાડીઓ ડિટેઈન કરાતા ચાલકોમાં ફફડાટ

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જીલ્લાના ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર નિયમોનો ભંગ કરીને દોડતા ખાનગી વાહનો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. હાઈવે પર ઓવરલોડિંગ કરતી ખાનગી ઈકો ગાડીઓ સામે વડાલી પોલીસ અને GSRTC તંત્રએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું. આ ત્વરિત કાર્યવાહી દરમિયાન ટ્રાફિક નિયમો અને પરમિટની શરતોનો ભંગ કરતી કુલ 10 ઈકો ગાડીઓને ડિટેઈન કરવામાં આવી છે, જેને પગલે ગેરકાયદેસર રીતે વાહન ચલાવતા ચાલકોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર લાંબા સમયથી કેટલીક ખાનગી ઈકો ગાડીઓ પરમિટના નિયમોને નેવે મૂકીને નિર્ધારિત ક્ષમતા કરતાં ઘણાય વધારે મુસાફરો ભરીને દોડતી હતી. ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડવાને કારણે નિર્દોષ લોકોના જીવનું જોખમ સતત તોળાતું રહેતું હતું. આ બાબતે તંત્રને વ્યાપક ફરિયાદો



મળ્યા બાદ વડાલી પોલીસ અને GSRTC ની ટીમે સંયુક્ત રીતે હાઈવે પર વોચ ગોઠવી હતી અને ઓચિંતું ચેકિંગ શરૂ કર્યું હતું. આ સરપ્રાઈઝ ડ્રાઈવ દરમિયાન જરૂરી દસ્તાવેજો વિના અને ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરીને જતા 10 જેટલા ઈકો વાહનો ઝડપાયા હતા.

### પાટણ કોર્ટ પરિસરમાં કાયદાના લીરેલીરા

## પ્રેમ લગ્નનો ખાર રાખી સાસરિયાં તૂટી પડ્યા, જમાઈને ચપ્પલ-ઢીકાપાટુનો માર મારી દીકરીને ઢસડી ગયા

પાટણ

કાયદો અને ન્યાયનું મંદિર ગણાતી કોર્ટના પરિસરમાં જ ધોળા દિવસે કાયદાના ધજાગરા ઉડ્યા હોવાની એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીપૂર્ણ ઘટના પાટણમાંથી સામે આવી છે. પાટણની ફેમિલી કોર્ટ પરિસરમાં પ્રેમ લગ્નનો કડવો ખાર રાખીને સાસરિયાં પક્ષના સભ્યોએ તમામ મર્યાદાઓ નેવે મૂકીને પોતાના જ જમાઈ પર હિચકારો હુમલો કરી દીધો હતો. ભારે હોબાળા વચ્ચે સાસુ અને સાળાએ જમાઈને ચપ્પલ અને ઢીકાપાટુનો બેરહેમ માર માર્યો હતો, જ્યારે સસરા પોતાની દીકરીને હાથ પકડીને જબરદસ્તી ઢસડી ગયા હતા. કોર્ટ



પરિસરમાં બનેલી આ ઘટનાથી વકીલો અને અસીલોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ હિંસક મામલે પાટણ બી ડિવિઝન પોલીસ મથકે સાસરિયાં વિરુદ્ધ નામજોગ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે, બલીસાણા ગામના વતની અને ધારપુર હોસ્પિટલમાં પ્રાઈવેટ નોકરી કરતા ૩૦ વર્ષીય દિક્ષીતકુમાર નગીન તુરી બારોટે આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે પોતાના સસરા કિંતી, સાસુ કમળાબેન અને સાળા હાર્દિક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ દાખલ કરાવી છે, જેના આધારે પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ ૧૭૩ હેઠળ ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ, ફરિયાદી દિક્ષીતકુમારે આશરે ચાર વર્ષના પ્રેમ સંબંધ બાદ છ મહિના પહેલા જ જળચોક દુખવાડાની કિજલબેન સાથે સોગંદનામા પર પોતાની મરજીથી પ્રેમ લગ્ન કર્યા હતા. કિજલબેનના માતા-પિતા અને ભાઈને આ પ્રેમ લગ્ન સહેજ પણ પસંદ ન હોવાથી તેઓ અવારનવાર આ લગ્ન સંબંધ તોડી નાખવા માટે દંપતી પર ભારે દબાણ લાવતા હતા અને ધમકીઓ આપતા હતા.

દરમિયાન આ નવદંપતી નામદાર ફેમિલી કોર્ટ, પાટણ ખાતે કેસ નંબર ૭૨/૨૦૨૬ ની મુદત હોવાના કારણે કોર્ટમાં હાજર રહ્યું હતું.

## શું ગુજરાતની સુપરસ્ટાર સિંગર કિંજલ દવે અને ધ્રુવિન શાહ વચ્ચે ભંગાણ?

**સોશિયલ મીડિયા પરથી ફોટા ગાયબ થતા જ ચર્ચાઓએ પકડ્યું જોર!**

અમદાવાદ

ગુજરાતી લોકસાહિત્ય અને સંગીત જગતની જાણીતી સિંગર કિંજલ દવેના ચાહકો માટે એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અચાનક થયેલી એક હલચલે ઈન્ટરનેટ પર ભારે સસ્પેન્સ અને ચર્ચાઓ જગાવી છે. કિંજલ દવે અને તેના મંગેતર ધ્રુવિન શાહના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પરથી એકબીજાના ફોટા અચાનક ગાયબ થઈ ગયા છે, જેને પગલે સોશિયલ મીડિયા પર સવાલોનું પૂર આવ્યું છે કે શું બંને વચ્ચે બધું બરાબર નથી? તસવીરો ડિલીટ થતાં જ ફેન્સમાં પણ અનેક તર્ક-વિતર્ક શરૂ થઈ ગયા છે. શું આ માત્ર કોઈ ડિજિટલ ફેરફાર કે સોશિયલ મીડિયા સ્ટ્રેટેજી છે, કે પછી પડદા પાછળ વાસ્તવિક સંબંધોમાં કોઈ મોટો બદલાવ આવ્યો છે? જોકે, આ બાબતે હજુ સુધી કિંજલ દવે કે ધ્રુવિન શાહ તરફથી કોઈ પણ પ્રકારનું સત્તાવાર નિવેદન કે સ્પષ્ટતા સામે આવી નથી. તેથી સત્તાવાર જાહેરાત વિના કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવું ઉતાવળ ગણાશે, પરંતુ આ ઘટનાએ આજના સંબંધો પર એક મોટો સવાલ જરૂર ઉભો કરી દીધો છે.

આજના આધુનિક યુગમાં સંબંધોની દોર કેટલી કાચી સાબિત થઈ રહી છે તેનું આ જીવંત ઉદાહરણ છે.

### ઢાઢર નદીના પુલનું કામ વિલંબમાં

## ડભોઇ-વડોદરા હાઇવે પર ભયજનક ડાયવર્ઝન: અકસ્માત ઝોન બનતા ડભોઇ પોલીસ એક્શનમાં

ડભોઇ

ડભોઈ તાલુકાના રાજલીથી ભીલાપુર વચ્ચે ઢાઢર નદી પર બની રહેલા ઓવરબ્રિજનું કામ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી કાચબા ગતિએ ચાલી રહ્યું છે. સ્ટેટ હાઈવેના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીના કારણે આ માર્ગ હવે વાહનચાલકો માટે 'મરણિયો કૂવો' સાબિત થઈ રહ્યો છે. રોડ પર ડાયવર્ઝન હોવા છતાં કોઈ પણ પ્રકારના ચોક્કસ સૂચના બોર્ડ, લાલ લાઈટો કે પીળા પટ્ટા મારવામાં આવ્યા નથી. માત્ર થોડા કાચા પટ્ટા લગાવવામાં આવ્યા છે, જે રાત્રિના અંધકારમાં વાહનચાલકોને બિલકુલ દેખાતા નથી. આ મોટા વળાંક પર અપૂરતી વ્યવસ્થાના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને લઈને ડભોઈ પોલીસ સ્ટેશનના પી.આઈ.




એ.ટી. પટેલ તથા જે. જી. વાઘેલા દ્વારા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ સંબંધિત કોન્ટ્રાક્ટર કંપનીને લેખિતમાં કડક નોટિસ ફટકારવામાં આવી છે. પોલીસ દ્વારા નોટિસમાં સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે:

ડભોઈથી વડોદરા તરફ જતી લેન પર જમણી તરફ વળવા માટે જ્યાં ડાયવર્ઝન આપેલું છે ત્યાં તીરના નિશાનવાળા મોટા રેડિયમ સાઈન બોર્ડ તાત્કાલિક લગાવવા.

રાત્રિના સમયે વાહનચાલકો દૂરથી જ ડાયવર્ઝન જોઈ શકે તે માટે ચાલુ-બંધ થતી લાઈટોની પૂરતી વ્યવસ્થા કરવી.

જો ભવિષ્યમાં આ સ્થળે સુરક્ષાના સાધનોના અભાવે કોઈ પણ અકસ્માત કે જાનહાનિ થશે તો માર્ગ અને મકાન વિભાગ (ડભોઈ) ના જવાબદાર અધિકારીઓ તેમજ કામ રાખનાર કોન્ટ્રાક્ટરને સીધા જવાબદાર ગણી તેમની વિરુદ્ધ ગુનો નોંધી આરોપી બનાવવામાં આવશે, તેવી ડભોઈ પોલીસ સ્ટેશન તરફથી કડક ચીમકી આપવામાં આવી છે.


હવે જોવાનું એ રહ્યું કે પોલીસની આ કડક નોટિસ બાદ ઘોર નિંદ્રામાં સૂતેલા તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર ક્યારે જાગે છે? શું કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોવાઈ રહી છે?

## તંત્રી લેખ...

# બદલાતા દિવસો વચ્ચે અટકવાનું નથી: સુખ હોય કે દુ:ખ, હંમેશા આગળ વધવાનું નામ જ સાચું જીવન છે

### સમયનો પંજો ગમે તેટલો આકરો હોય, પણ જે મુશ્કેલીઓ સામે ઝૂકવાને બદલે લડવાનું પસંદ કરે છે, જીત હંમેશા એની જ થાય છે

માનવ જીવન એ કુદરતની સૌથી સુંદર અને અકલ્પનીય ભેટ છે. આ જીવનની સફર ક્યારેય એકસરખી સીધી રેખામાં ચાલતી નથી. એમાં વળાંકો આવે છે, ચઢાવ-ઉતાર આવે છે, અને ક્યારેક એવા તોફાનો આવે છે જે માણસને અંદરથી હચમચાવી મૂકે છે. પરંતુ આ તમામ પરિસ્થિતિઓ વચ્ચે એક શાશ્વત સત્ય એ છે કે




દિવસો ગમે તેવા બદલાય, હંમેશા આગળ વધતા રહેવાનું નામ જ જીવન છે. જે અટકી ગયો તે હારી ગયો, અને જે ચાલતો રહ્યો તે જ વિજેતા બન્યો. સમય ક્યારેય કોઈના માટે થોભતો નથી, તો પછી આપણે ભૂતકાળના કોઈ એક કડવા દિવસને પકડીને કેમ બેસી રહેવું જોઈએ?

આપણે ઘણીવાર જોઈએ છીએ કે માણસ જ્યારે મુશ્કેલીમાં મુકાય છે ત્યારે તે હતાશ થઈ જાય છે. ધંધામાં નુકસાન, નોકરીની ચિંતા, સંબંધોમાં કડવાશ કે કોઈ અંગત નિષ્ફળતા માણસને તોડી નાખે છે. એવા સમયે એવું લાગે છે કે જાણે દુનિયા અહીં જ પૂરી થઈ ગઈ. પણ વાસ્તવમાં એ અંત નથી, એ તો એક નવી શરૂઆતની ક્ષણ હોય છે. રાત ગમે તેટલી કાળી અને લાંબી હોય, પણ સવારનો સૂરજ ઉગતો કોઈ રોકી શકતું નથી. જીવનનો નિયમ પણ એવો જ છે. આજે જો ખરાબ દિવસ છે, તો આવતીકાલે સારો દિવસ પણ આવશે જ. મહત્વનું એ નથી કે તમારી સામે કેટલી મોટી મુશ્કેલી છે, મહત્વનું એ છે કે તમારી અંદર એ મુશ્કેલી સામે લડીને આગળ વધવાનો કેટલો જુસ્સો છે.

નદી વહેતી રહે છે એટલે જ એનું પાણી પવિત્ર અને શુદ્ધ રહે છે, જો એ પાણી એક જગ્યાએ ભરાઈ રહે તો એમાં જીવાત પડી જાય છે અને તે દુર્ગંધ મારવા લાગે છે. માણસના મન અને જીવનનું પણ કંઈક આવું જ છે. જો તમે ભૂતકાળની નિષ્ફળતાઓ અથવા જૂની યાદોના કુંડાળામાં જ અટવાયેલા રહેશો, તો તમારો વિકાસ રૂંધાઈ જશે. જે થઈ ગયું તેને બદલી શકાતું નથી, પણ જે થવાનું છે તે હજી આપણા હાથમાં છે. દરેક નવો દિવસ એક નવો અવસર લઈને આવે છે, એક નવો કોરો કાગળ લઈને આવે છે જેના પર આપણે આપણી સફળતાની નવી વાર્તા લખવાની હોય છે. ગઈકાલની ભૂલોમાંથી શીખીને આજે આગળ વધવું એ જ સાચી સમજદારી છે.

આજના આ ભાગદોડ અને તણાવભર્યા યુગમાં હિંમત હારી જવી બહુ સહેલી છે, પણ મક્કમ મન રાખીને ઉભા રહેવું અઘરું છે. જે લોકો ઈતિહાસ રચે છે તેઓ ક્યારેય અનુકૂળ પરિસ્થિતિઓની રાહ જોતા નથી. તેઓ પ્રતિકૂળતાની છાતી પર પગ મૂકીને આગળ નીકળી જાય છે. યાદ રાખો કે પવનની વિરુદ્ધ દિશામાં ઉડતી પતંગ જ સૌથી ઊંચે જાય છે. જીવનમાં આવતા આકરા દિવસો આપણને તોડવા માટે નહીં, પણ આપણને અંદરથી મજબૂત અને પરિપક્વ બનાવવા માટે આવતા હોય છે.

તેથી જ, ક્યારેય પણ જીવનની કઠિન પરિસ્થિતિઓથી ગભરાઈને બેસી ન પડો. આંસુ લૂછી નાખો, ધૂળ ખંખેરી નાખો અને ફરી એકવાર પૂરા જોશ સાથે મેદાનમાં આવી જાઓ. દિવસો બદલાતા રહેશે, ઋતુઓ બદલાતી રહેશે, પણ તમારો આગળ વધવાનો સંકલ્પ ક્યારેય બદલાવો ન જોઈએ. ચાલતા રહો, લડતા રહો અને જીતતા રહો, કારણ કે આગળ વધવું એ જ કુદરતનો નિયમ છે અને એ જ સાચું જીવન છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# "કોઈ સામે આવ્યું નથી, લોકો માત્ર જૂઠી વાતો કરે છે": પેટ્રોલ વાહનોમાં ઈથેનોલના વપરાશથી નુકસાનના દાવા પર નીતિન ગડકરીનો ખુલ્લો પડકાર!

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરી પોતાના સ્પષ્ટવક્તા અંદાજ અને દેશમાં ગ્રીન ફ્યુઅલ (હરિત બળતણ) ક્રાંતિ લાવવા માટે જાણીતા છે. હાલમાં જ એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે પેટ્રોલ વાહનોમાં ઈથેનોલ મિશ્રણ (Ethanol Blending) ના કારણે એન્જિન ખરાબ થવાની વાતો અને અફવાઓ ફેલાવતા તત્વોને ખુલ્લો પડકાર ફેંક્યો છે અને આકરા પ્રહારો કર્યા છે.




### જો ગાડી ખરાબ થઈ હોય તો મને નામ મોકલો: કેન્દ્રીય મંત્રી

ઈન્ટરવ્યૂ દરમિયાન ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનોને નુકસાન થવાના સવાલો પર નીતિન ગડકરીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'હું દેશના તમામ લોકોને આહ્વાન કરું છું કે કોઈપણ ગાડી અથવા મોટર સાઈકલ જે પેટ્રોલની છે અને જેમાં ઈથેનોલ નાખવામાં આવે છે તે ખરાબ થઈ હોય તો ડીલર પાસે જઈને ફરિયાદ કરો અને મને પણ મોકલો. એવા કોઈ પણ સ્કૂટર કે ગાડીનું નામ જણાવો કે જે ઈથેનોલના કારણે બગડી હોય.'

### "લોકો માત્ર જૂઠી વાતો કરે છે"

તેમણે આગળ ઉમેર્યું કે, ઈથેનોલના કારણે કોઈ વાહનનું એન્જિન સીઝ થયું હોય કે નુકસાન થયું હોય તેવો એક પણ કિસ્સો હજુ સુધી સત્તાવાર રીતે સામે આવ્યો નથી. લોકો માત્ર પાયાવિહોણી અને જૂઠી વાતો સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો પર ફેલાવી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે સરકાર દેશમાં પેટ્રોલ પરની નિર્ભરતા ઘટાડવા અને પ્રદૂષણ મુક્ત પરિવહન માટે ઈથેનોલના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સંપૂર્ણપણે મક્કમ છે અને આ ટેકનોલોજી સંપૂર્ણપણે સુરક્ષિત છે.

# બજારમાં અનેક દુકાનો હોવા છતાં વિહાર કરતા સાધ્વીજી ભગવંતના પગલાં એક સામાન્ય ઠાકોર યુવાનની દુકાને પડ્યા: વિવેક અને ભક્તિભાવ જોઈ આપ્યા માંગલિક આશીર્વાદ

### શંખેશ્વરથી મુજપુર વિહાર કરી રહેલા પૂજ્ય પ્રિયદર્શના સાધ્વીજી મહારાજ સાહેબ અચાનક ગરમીના કારણે દુકાને વિસામા માટે ઉભા રહ્યા, યુવાને જૈન શાસનની મર્યાદા જાળવી મેળવ્યું પુણ્યનું ભાથું

અમદાવાદ

કહેવાય છે કે સંતો, મહંતો અને સાધ્વી ભગવંતોના પગલાં કોઈના આંગણે કે દુકાને એમ જ નથી પડતા, જ્યારે પાછલા ભવનું કોઈ પુણ્ય ઉદયમાં આવે ત્યારે જ આવા અલૌકિક યોગ સર્જાતા હોય છે. આવો જ એક હૃદયસ્પર્શી અને અચરજ પમાડે તેવો આધ્યાત્મિક પ્રસંગ તાજેતરમાં બજારની એક સામાન્ય દુકાનમાં બન્યો, જે આજના આધુનિક યુગમાં પણ ધર્મ, સંસ્કાર અને વિવેકની ઉત્તમ મિસાલ પૂરવાર કરે છે.

વાત જાણે એમ છે કે, પૂજ્ય પ્રિયદર્શના સાધ્વીજી મહારાજ સાહેબ શંખેશ્વર તીર્થથી મુજપુર તરફ પગપાળા વિહાર કરી રહ્યા હતા. ચોમાસાની સાથે વચ્ચે-વચ્ચે પડતી અસહ્ય ગરમી અને બફારાના કારણે અચાનક તેઓ બજારમાં આવેલી એક દુકાન પાસે આવીને ઉભા રહી ગયા. તેમણે દુકાનદારને અત્યંત વિનમ્રતાપૂર્વક કહ્યું કે, ગરમી ખૂબ વધારે છે તો બે મિનિટ અહીં બેસવા દેશો? આ શબ્દો સાંભળતા જ દુકાનના માલિકના આનંદનો કોઈ પાર ન રહ્યો. બજારમાં અસંખ્ય દુકાનો હોવા છતાં સાધ્વીજી ભગવંતના પાવન પગલાં પોતાની દુકાને પડ્યા તેને યુવાને પોતાનું અહોભાગ્ય ગણાવ્યું હતું.

આ દુકાનદાર યુવાન શંખેશ્વરની બાજુમાં આવેલા કંચનપુરા ગામનો વતની છે અને તેની અટક ઠાકોર છે. શંખેશ્વર મહાતીર્થની નજીક રહેતો હોવાના કારણે તેને જૈન સાધુ અને સાધ્વીજી ભગવંતોના કડક નીતિ-નિયમો અને મર્યાદાઓની અગાઉથી જ થોડી ઘણી જાણકારી હતી. તેને ખબર હતી કે સાધ્વીજી મહારાજની બહુ નજીક ન જવાય અને તેમની સાથે બહુ બિનજરૂરી વાતો પણ ન કરાય. આ જૈન શાસનની મર્યાદાને શિરોધાર્ય ગણીને આ ઠાકોર યુવાને અદભુત વિવેક દાખવ્યો. તે સાધ્વીજીથી ચોક્કસ અંતર રાખીને દૂર ઉભો રહ્યો અને અત્યંત ભક્તિભાવ પૂર્વક નતમસ્તક થઈને હાથ જોડીને ઉભો રહ્યો.

યુવાનનો આ અપાર વિવેક, આદર અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જોઈને પૂજ્ય પ્રિયદર્શના સાધ્વીજી મહારાજ સાહેબ અંતરથી અત્યંત પ્રસન્ન થયા. તેમણે યુવાનને તેનું નામ અને ગામ પૂછ્યું. જ્યારે યુવાને જણાવ્યું કે તે કંચનપુરાનો ઠાકોર સમાજનો દીકરો છે, ત્યારે સાધ્વીજી તેની સંસ્કારિતા જોઈને રાજી-રાજી થઈ ગયા હતા. મહારાજ સાહેબે યુવાનના વિવેકથી ખુશ થઈને તેને વાસક્ષેપ નાખીને ભાવપૂર્વક માંગલિક આશીર્વાદ આપ્યા હતા અને ત્યારબાદ તરત જ તેઓ પોતાના વિહાર માર્ગ પર આગળ ચાલતા થયા હતા.

માત્ર પાંચ મિનિટના આ ટૂંકા ગાળામાં દુકાનદાર યુવાનના જીવનની એક કાયમી અને ક્યારેય ન ભૂલાય તેવી યાદગાર ક્ષણ બની ગઈ. બજારની ભીડ વચ્ચે એક અન્ય ધર્મના યુવાને જૈન સાધ્વીજીના નિયમોનું પાલન કરીને જે ભક્તિ બતાવી, તેની આસપાસના વહેપારીઓ પણ ભારે પ્રશંસા કરી રહ્યા છે. ખરેખર, ભાવ અને વિવેક સાચો હોય તો પરમાત્માના દૂત સામે ચાલીને આંગણે આવે છે તે આ ઘટનાએ સાબિત કરી દીધું છે.

# બદલાતા જમાનાનું કડવું સત્ય: લગ્નજીવનમાં 'પહેલ' માત્ર પુરુષ જ કેમ કરે? પલંગ પર શરમ અને સંકોચની દીવાલ તોડવાનો સમય હવે આવી ગયો છે!

આજના આધુનિક યુગમાં આપણે સ્ત્રી-પુરુષ સમાનતાની મોટી-મોટી વાતો કરીએ છીએ. સ્ત્રીઓ આજે શિક્ષણથી લઈને વહીવટી ક્ષેત્રે પુરુષોની ખભે-ખભો મિલાવીને ચાલી રહી છે. પરંતુ, જ્યારે વાત બેડરૂમની, પ્રેમની અને જાતીય સંબંધોની આવે છે, ત્યારે આપણો આખો સમાજ સદીઓ જૂની રૂઢિચુસ્ત માનસિકતામાં સરી પડે છે. આપણા સમાજમાં આજે પણ એવી વણલખી માનસિકતા છે કે પ્રેમનો એકરાર કરવો હોય, લાગણી વ્યક્ત કરવી હોય કે પછી શારીરિક સંબંધો બાંધવા હોય, હંમેશા 'પહેલ' પુરુષે જ કરવી જોઈએ. જો સ્ત્રી સામેથી પોતાની શારીરિક ઈચ્છા વ્યક્ત કરે, તો તેને આજે પણ શંકા કે નકારાત્મક નજરે જોવામાં આવે છે. પરંતુ શું આ માનસિકતા તંદુરસ્ત લગ્નજીવન માટે યોગ્ય છે?

### પુરુષોના મનની વણકહી તમન્ના: પત્નીમાં 'રંભા' અને 'પ્રેયસી' શોધતો પતિ

પ્રાચીન શાસ્ત્રોથી લઈને આજના મનોવિજ્ઞાન સુધી એક વાત વારંવાર સામે આવી છે કે મોટાભાગના પુરુષો ઈચ્છતા હોય છે કે તેમની પત્ની શયનખંડમાં 'શયનેષુ રંભા' જેવી હોય. તેનો અર્થ એ નથી કે તેઓ માત્ર પોતાની જ તૃપ્તિ ઈચ્છે છે, પરંતુ તેઓ ઈચ્છે છે કે તેમની પત્ની પણ આ સંબંધમાં એટલી જ ઉત્સાહી અને સક્રિય હોય. પુરુષો પોતાની પત્ની સાથે આ વિષય પર મુક્ત મને ચર્ચા કરતા કદાચ અચકાતા હશે, પણ તેમના દિલના કોઈ ખૂણે એ ઈચ્છા જરૂર તીવ્ર હોય છે કે તેમની પત્ની ક્યારેક બધી જ મર્યાદાઓ અને શરમને બાજુ પર મૂકીને સામેથી પ્રેમનો સંકેત આપે. દરેક પતિને એ ગમતું હોય છે કે તેની પત્ની માત્ર ઘરની જવાબદારીઓ ઉપાડનારી ગૃહિણી ન રહેતાં, ક્યારેક તેની પ્રેમિકા બનીને તેને રીઝવે.

### જ્યારે સંબંધ માત્ર 'એકતરફી ફરજ' બની જાય છે...

હવે સિક્કાની બીજી બાજુ જુઓ. જ્યારે દરેક વખતે, દરરોજ માત્ર પતિએ જ શારીરિક સંબંધ માટે પહેલ કરવી પડે છે, ત્યારે ધીમે-ધીમે તેના મનમાં એક અજ્ઞાત નકારાત્મકતા જન્મ લે છે. પતિ વિચારવા મજબૂર બને છે કે, 'શું હું મારી પત્ની સાથે પરાણે આ બધું કરી રહ્યો છું? શું તેને મારામાં કોઈ રસ નથી?'

બીજી તરફ, દિવસભર ઘરકામ, બાળકોની જવાબદારીઓ કે ઓફિસના કામથી થાકેલી પત્ની ઘણીવાર બેડરૂમમાં માત્ર એક 'જવાબદારી' સમજીને નીરસ થઈને પડી રહે છે. જ્યારે પત્ની પલંગ પર કોઈ પણ ઉત્સાહ વગર 'મૃત શરીર' જેવી સ્થિતિમાં રહે છે, ત્યારે પુરુષના મનમાંથી પ્રેમ અને ઉત્તેજનાનો દીવો આપોઆપ ઓલવાઈ જાય છે. આ નીરસતા જ દામ્પત્ય જીવનમાં માનસિક અંતર વધારવાનું સૌથી મોટું કારણ બને છે.

### સ્ત્રીઓની શારીરિક ઈચ્છા ગુનો નથી: શરમ છોડો, સ્પર્શથી બદલો માહોલ

મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે પુરુષોની જેમ સ્ત્રીઓના શરીરમાં પણ શારીરિક અને માનસિક ઈચ્છાઓ જાગવી એ તદ્દન કુદરતી અને બાયોલોજિકલ પ્રક્રિયા છે. સ્ત્રીઓએ એ ડર મનમાંથી કાઢી નાખવો જોઈએ કે જો તેઓ સામેથી ઈચ્છા વ્યક્ત કરશે, તો તેમનો પતિ તેમના ચરિત્ર વિશે શું વિચારશે. જો તમને શબ્દોમાં કહેતા સંકોચ થતો હોય, તો તમારે બોલવાની પણ જરૂર નથી. રાત્રે પતિની નજીક જવું, તેને પ્રેમથી આલિંગનમાં લેવો, તેના શરીરને વહાલપૂર્વક સ્પર્શ કરવો કે તેના ગળામાં હાથ નાખવો–આવા નાના-નાના સંકેતો જ પુરુષને તમારી લાગણી સમજાવવા માટે પૂરતા છે. પતિને એક એવી જીવનસાથીની જરૂર હોય છે જે તેના પુરુષત્વને સમજે અને અંગત પળોનો બરાબર આનંદ માણે.


### સંબંધોમાં તિરાડ અને લગ્નબાહ્ય સંબંધો (Extra Marital Affairs) નું અસલી કારણ

આજે સમાજમાં છૂટાછેડા અને લગ્નબાહ્ય સંબંધોના કિસ્સાઓ રોકેટ ગતિએ વધી રહ્યા છે. તેની પાછળનું એક મુખ્ય અને વરવું કારણ બેડરૂમની નીરસતા છે. જ્યારે પુરુષને પોતાના ઘરમાંથી એ પ્રેમ, ઉત્સાહ અને સંતોષ નથી મળતો, ત્યારે તે બહાર ભટકવા તરફ પ્રેરાય છે.

જો પત્ની દર વખતે નહીં, તો ક્યારેક સામે ચાલીને પોતાની ઈચ્છા દર્શાવશે, તો પતિને તેનાથી અદભુત માનસિક સંતોષ અને ખુશી મળશે. તેનો અહંકાર સંતોષાશે કે તેની પત્ની તેને ચાહે છે અને તેની ઈચ્છા રાખે છે. જો દરેક સ્ત્રી પોતાના પતિને પોતાના સાચા પ્રેમ, મનમોહક અદાઓ અને ઉત્સાહથી બાંધીને રાખશે, તો કોઈ પુરુષ બહાર મોહ રાખવા જશે જ નહીં.

### નિષ્કર્ષ: ખુશહાલ લગ્નજીવનનો સુવર્ણ મંત્ર

લગ્નજીવન રૂપી રથના બંને પૈડાં સરખા હોવા જોઈએ. શારીરિક અને માનસિક સંતોષ એ કોઈ પાપ નથી, પણ



લગ્નજીવનને ટકાવી રાખતો મજબૂત ગુંદર છે. સ્ત્રી અને પુરુષ બંનેએ એકબીજાની ગૂંચવણોને સમજવી પડશે. બેડરૂમની ચાર દીવાલો વચ્ચે જ્યારે શરમ અને સંકોચની દીવાલ તૂટે છે, ત્યારે જ પ્રેમનો અસલી ગુલાલ ઉડે છે. તમારી વચ્ચે ઓછું થયેલું આકર્ષણ ફરી જીવંત કરો, શરમ છોડો અને તમારા લગ્નજીવનને સદાય માટે ખુશહાલ અને રોમેન્ટિક બનાવો.

# ઓપરેશન સિંદૂરના ધમાકા આતંકી અડ્ડા પર થઈ રહ્યા હતા, જેની ગુંજ દુનિયાએ સાંભળી: મેલબોર્નમાં PM મોદી

મેલબોર્ન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસોમાં ત્રણ દિવસીય ઓસ્ટ્રેલિયા પ્રવાસે છે. આ દરમિયાન તેમણે ગુરુવારે મેલબોર્નમાં ભારતીય સમુદાયને સંબોધિત કર્યો. આ મેગા શોમાં 30 હજાર ભારતીયોની વચ્ચે ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થની અલ્બેનિઝ પણ હાજર રહ્યા. આખું સ્ટેડિયમ 'મોદી-મોદી'ના નારાઓથી ગુંજી ઉઠ્યું. મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થની અલ્બેનિઝે પીએમ મોદીનું જોરદાર સ્વાગત કર્યું. તેમણે પીએમ મોદીને ઓસ્ટ્રેલિયાના સાચા મિત્ર ગણાવ્યા. અલ્બેનિઝે કહ્યું- 'આ બે મોટા લોકશાહી દેશોની મિત્રતાની ઉજવણી છે.' પીએમ મોદીએ પોતાના સંબોધન દરમિયાન જોરદાર સ્વાગત માટે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનનો આભાર માન્યો. તેમણે કહ્યું- મારા મિત્ર પીએમ અલ્બેનિઝનો આભારી છું. મેલબોર્ને મારું શાનદાર સ્વાગત કર્યું. મને મેલબોર્નવાસીઓને મળવાની ઈચ્છા હતી. મેલબોર્ને મેદાન મારી લીધું છે. આ શો હાઉસફુલ છે. અમદાવાદ જ્યાં દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ ગ્રાઉન્ડ છે અને મેલબોર્ન જ્યાં આઈકોનિક સ્ટેડિયમ છે, આપણે બંને જગ્યાએ સાથે રહ્યા છીએ. આપણે બધાએ જોયું છે, વડાપ્રધાન અલ્બેનિઝ જ્યારે બોલે છે ત્યારે ભારતીયોના દિલ અને મગજ પર છવાઈ જાય છે. સિડનીમાં પણ તમે ધૂમ મચાવી હતી અને અહીં પણ તમે છવાઈ ગયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધોની પ્રશંસા કરતાં કહ્યું કે બંને દેશોના સંબંધો ઊંચાઈ પર છે. ભારતીયોના કારણે જ ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધો આટલા મજબૂત છે. છેલ્લા 12 વર્ષોમાં ત્રીજી વખત ઓસ્ટ્રેલિયા પહોંચેલા પીએમ મોદીએ એ પણ કહ્યું કે ભારતીયોએ મળીને મેલબોર્નને વાઈબ્રન્ટ બનાવી દીધું છે. ભારતીય વડાપ્રધાને આ દરમિયાન 'ઓપરેશન સિંદૂર'નો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું- ઓપરેશન સિંદૂર દરમિયાન ડેમો તો જોઈ જ લીધો હશે, ધડાકા પાડોશીઓ પર થઈ રહ્યા હતા અને તેનો પડઘો આખી દુનિયામાં સંભળાઈ રહ્યો હતો. આતંકી કેમ્પ પરના આ જોરદાર પ્રહારથી તમને ગર્વ થયો કે નહીં? સાથીઓ, ભારત આટલા પર જ અટકવા નથી માંગતું. ભારત કહી રહ્યું છે ગ્રો મોર (Grow More) એટલા માટે આજે જીપથી લઈને શીપ સુધી મેન્યુફેક્ચરિંગની ભારતમાં એક નવી ઈકો સિસ્ટમ ડેવલપ કરવામાં આવી રહી છે. મેલબોર્ન શહેરમાં ભારતીય સંસ્કૃતિનો રંગ તેમણે કહ્યું કે આ મેલબોર્ન શહેર એક જ દિવસમાં ચાર સીઝનના દર્શન કરાવી દે છે, પરંતુ ભારતીય સમુદાયે પોતાના કલ્ચરલ કલર(સાંસ્કૃતિક રંગો)થી તેને વધુ વાઈબ્રન્ટ બનાવી દીધું છે.

અહીં મેલબોર્નમાં અને આસપાસ ઘણા એવા સ્થળો છે, માર્કેટ છે જે ભારતીયતાના રંગથી ભરેલા છે. કોઈ તેને લિટલ ઈન્ડિયા કહે છે, કોઈ મિની ઈન્ડિયા કહે છે નામ કોઈ પણ હોય પરંતુ રંગ ભારતીયતાથી ભરેલા છે. 'આપણને ભારતીયોને પ્રેમ ફેલાવવો પસંદ છે. તમારા ઘરોમાં ઓસ્ટ્રેલિયન દૂધ હોઈ શકે છે, પરંતુ તેનાથી બનેલી ચા ઈન્ડિયન હોય છે. દાળ ઓસ્ટ્રેલિયાની છે પરંતુ તેમાં તડકો દેશી મસાલાનો લાગે છે, તમે ભારતના Gen Zના ભજન ક્લબિંગ ટ્રેન્ડ વિશે સાંભળ્યું જ હશે અને ઓસ્ટ્રેલિયામાં તમારા વીકેન્ડ પણ આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી ભરેલા હોય છે.'



# ચીનમાં પગરખાં બનાવતી ફેક્ટરીમાં વિકરાળ આગ, 28 લોકો ભડથું, રાષ્ટ્ર પ્રમુખ જિનપિંગે આપ્યા તપાસના આદેશ

વોશિંગ્ટન

ચીનના ફુજિયાન પ્રાંતમાં એક પગરખાં ફેક્ટરીમાં ભયંકર આગ લાગવાના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ છે. AFPના રિપોર્ટ મુજબ, આ ઘટનામાં અંદાજે 28 લોકોના મોત થયા છે. અકસ્માત બાદ રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગે બચાવ કામગીરી ઝડપી કરવા, ઘટનાની ઝીણવટભરી તપાસ કરવા અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે.

ફેક્ટરીમાં આગથી 28ના મોત

ચીનની સરકારી સમાચાર એજન્સી સિન્હુઆએ પ્રારંભિક આંકડાઓને ટાંકીને જણાવ્યું છે કે ગુરુવાર, 9 જુલાઈના રોજ પૂર્વી ચીનમાં એક પગરખાંની ફેક્ટરીમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા 28 લોકોના મોત થયા છે.



બચાવ કામગીરી અને જાનમાલનું નુકસાન

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે જિનજિયાંગ શહેરની ફેક્ટરીમાં લાગેલી આગને ઓલવવા માટે ડઝનબંધ ફાયર ફાઈટરો અને બચાવકર્મીઓ ઝડપથી કામ કરી રહ્યા હતા. રોઈટર્સના રિપોર્ટ મુજબ સરકારી બ્રોડકાસ્ટર CCTV અનુસાર, ગુરુવારે બપોરે ફુજિયાન પ્રાંતના જિનજિયાંગ શહેરમાં આગ લાગી હતી અને કેટલાક લોકો છત પર ફસાઈ ગયા હતા.




પાક્કો ગુજરાત

શુક્રવાર | 10 જુલાઈ 2026 | અમદાવાદ

### દેશના ટોપ-10માં સ્થાન પામી ડાલી પ્રાથમિક શાળાએ સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીમાં સ્થાપ્યો નવો કીર્તિમાન

# સોજિત્રા તાલુકાનીની ડાલી પ્રાથમિક શાળાને 'સ્વચ્છ એવમ હરિત વિદ્યાલય' રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત




આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાની ડાલી પ્રાથમિક શાળાએ રાષ્ટ્રીય કક્ષાએ 'સ્વચ્છ એવમ હરિત વિદ્યાલય રેટિંગ' (SHVR) ૨૦૨૫-૨૬નો પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવીને સમગ્ર જિલ્લા અને ગુજરાત રાજ્યનું નામ દેશભરમાં રોશન કર્યું છે.

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, રાષ્ટ્ર કક્ષાએ પસંદગી પામેલી કુલ ૧૯૧ શાળાઓમાં ગુજરાતની ૧૫ શાળાઓનો સમાવેશ થયો છે. આ યાદીમાં આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાની ડાલી પ્રાથમિક શાળાએ ગુજરાત રાજ્યમાં ટોપ-૫ અને રાષ્ટ્રીય સ્તરે ટોપ-૧૦ ક્રમાંકમાં સ્થાન મેળવીને એક વિશિષ્ટ સિદ્ધિ અંકિત કરી છે.

આ પુરસ્કાર માટેની પસંદગી પ્રક્રિયા અત્યંત પારદર્શક માપદંડો પર આધારિત હતી. રાષ્ટ્ર કક્ષાની મૂલ્યાંકન સમિતિએ શાળાની રૂબરૂ મુલાકાત લઈને વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં મુખ્યત્વે શાળાની એકંદર સ્વચ્છતા, વિદ્યાર્થીઓ માટે શુદ્ધ પીવાના પાણીની RO સિસ્ટમ, કુમાર-કન્યા તથા વિકલાંગ બાળકો માટે આધુનિક સેનિટેશન વ્યવસ્થા અને હેન્ડ વોશ સ્ટેશનોની ઉપલબ્ધતાની ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત શાળાનું મેન્ટેનન્સ, વિદ્યાર્થીઓના સ્વચ્છતા અંગેના વર્તનમાં પરિવર્તન, મિશન લાઈફ અંતર્ગતની પ્રવૃત્તિઓ, કિચન ગાર્ડન, ઔષધીય બાગ, રેનવોટર હાર્વેસ્ટિંગ, સોલર પેનલ અને કલર કોડ મુજબની કચરાપેટીના ઉપયોગ જેવી બાબતોને આધારે શાળાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી ના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ ખાતે વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સંસ્કાર અને નિયમિતતા, સ્વચ્છતા અને વાલીઓ સાથે સંવાદ ઉપરાંત દરેક વિદ્યાર્થી નું નામાંકન થાય અને ધોરણ 12 સુધીનો અભ્યાસ કરે તે મુજબની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. અર્ચનાબેન પ્રજાપતિની દેખરેખ હેઠળ ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને ટેકનોલોજી એવોર્ડ વિજેતા આચાર્ય જીગ્નેશભાઈ પ્રજાપતિના નેતૃત્વમાં શાળામાં અનેકવિધ રચનાત્મક પ્રોજેક્ટ્સ અમલી બનાવવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સમિતિએ શાળાના વિશિષ્ટ પ્રકલ્પો જેવા કે 'મારી શાળા સ્વચ્છ શાળા', બાળકોના જન્મદિવસે સાબુની ભેટ, સો ટકા હાજરી ધરાવતા બાળકોનું સન્માન અને પ્લાસ્ટિક મુક્ત શાળા અભિયાનની ખાસ નોંધ લીધી હતી. નોંધનીય છે કે શાળાના બાળકો દ્વારા જ ચલાવવામાં આવતી 'બાળ અદાલત' અને વિવિધ સમિતિઓ દ્વારા થતું શાળાનું સંચાલન એ લોકશાહી મૂલ્યો અને નેતૃત્વના વિકાસ માટેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સમિતિએ બાળકો સાથે સીધો સંવાદ કરી શાળામાં કરવામાં આવતી કામગીરીની વિશેષ નોંધ લીધી હતી.

શાળાની આ સફળતા અંગે હર્ષ વ્યક્ત કરતા આચાર્ય જીગ્નેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આ પુરસ્કાર એ શાળાના તમામ શિક્ષકોના ટીમ વર્ક અને બાળ અદાલત અંતર્ગત બાળકોએ કરેલી રાત-દિવસની મહેનતનું પરિણામ છે. શાળામાં ચાલતા 'પંચામૃત' જેવા પ્રોજેક્ટમાં બાળકોના આરોગ્ય અને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. પર્યાવરણ જાળવણી માટે શિક્ષકોના જન્મદિવસે છોડ સાથેના કુંડાની ભેટ આપવી અને સ્વાગત માટે બાળકો દ્વારા કાગળમાંથી બનાવેલા સર્જનાત્મક બુકેનો ઉપયોગ જેવી બાબતો શાળાની વિશેષ ઓળખ બની છે.

# માલપુર સોલાર કંપનીમાં ભાડે વાહન લગાડવાની લાલચ આપી ઝાલોદના 20 જેટલા વાહન માલિકો સાથે લાખોની છેતરપિંડીનો આક્ષેપ

### તુફાન, ટ્રેક્ટર-ટ્રોલી અને બોલેરો ભાડે લઈ ભાડું ચૂકવ્યું નહીં, વાહનો પણ પરત ન આપ્યાનો આરોપ; ઝાલોદ પોલીસમાં અરજી

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના કાળીયા તળાવ ગામના એક યુવાન સહિત આશરે 20 જેટલા વાહન માલિકોએ માલપુર સોલાર કંપનીમાં વાહનો ભાડે લગાડવાની લાલચ આપી તેમની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરી ઝાલોદ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે. અરજીમાં ત્રણ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 316, 318 અને 3(5) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ વાહન માલિકોને જણાવ્યું હતું કે માલપુર ખાતે આવેલી સોલાર કંપનીમાં અધિકારીઓના અવરજવર માટે વાહનો ભાડે મુકવાના છે. કંપની તરફથી સ્ટેમ્પ પર કરાર કરવામાં આવશે તેમજ માસિક રૂ.25,000 ભાડું મળશે. ડીઝલ, ડ્રાઈવર, સર્વિસ સહિતનો તમામ ખર્ચ કંપની ઉઠાવશે તેવી ખાતરી આપીને વાહનો સોંપાવવા માટે વિશ્વાસમાં લીધા હતા.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર વાહન સોંપ્યા બાદ પ્રથમ




મહિના માટે રૂ.25,000 ઓનલાઈન ચૂકવવામાં આવ્યા હતા. ત્યારબાદ અનેક વખત માંગણી કરવા છતાં ભાડાની રકમ આપવામાં આવી નહોતી. આરોપીઓ વારંવાર મહિનો પૂરો થયા બાદ ચૂકવણી કરવાની ખાતરી આપતા રહ્યા, પરંતુ બાદમાં મોબાઈલ ફોન બંધ કરી દીધા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદી 1 જુલાઈએ માલપુર ખાતે આરોપીઓનો સંપર્ક કરવા પહોંચ્યા હતા, પરંતુ તેમને વાહન પરત આપવામાં આવ્યું નહીં. અરજી મુજબ વાહન પરત માંગતાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી અને ત્યારબાદ આરોપીઓ સંપર્કવિહોણા બની ગયા હતા. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે માત્ર ફરિયાદી જ નહીં પરંતુ કાળીયા તળાવ અને આસપાસના વિસ્તારોના આશરે 20 જેટલા ટ્રેક્ટર, ટ્રોલી, તુફાન અને બોલેરો વાહન માલિકો પણ આવી જ રીતે ભાડે વાહનો આપીને છેતરપિંડીના ભોગ બન્યા છે. અનેક વાહનો હજુ સુધી પરત આપવામાં આવ્યા નથી અને ભાડાની રકમ પણ ચૂકવાઈ નથી.

# હિંમતનગર સિવિલમાં ચાંદીપુરા વાયરસનો ફફડાટ: 14 દિવસમાં 3 બાળકોના મોત, 1નો રિપોર્ટ પોઝિટિવ

### તમામ શંકાસ્પદ કેસોની વિગતો જિલ્લા આરોગ્ય વિભાગને મોકલી આપવામાં આવી

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠાના હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે અઠવાડિયાથી ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોને પગલે ભારે દોડધામ મચી ગઈ છે. ગત 26 જૂનથી 9 જુલાઈ દરમિયાન હોસ્પિટલમાં કુલ 7 જેટલા શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જેમાંથી અત્યાર સુધીમાં 3 માસૂમ બાળકોના મોત નીપજતા આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

મળતી માહિતી મુજબ, મૃતક બાળકોમાંથી રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના બાબારી ગામના 6 વર્ષીય બાળક રાજકુમાર મુકેશભાઈ ડામોરનો રિપોર્ટ ચાંદીપુરા વાયરસ માટે પોઝિટિવ આવ્યો છે. જ્યારે બનાસકાંઠાના બનોદરા ગામના 3 વર્ષીય પ્રિન્સ ખરાડીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. આ સિવાય, પંચમહાલ જિલ્લાના વેજલપુર વ્યાસડા ગામની 11 વર્ષીય કાવ્યા નાયકનું પણ મોત નીપજ્યું છે, જેના સેમ્પલનો રિપોર્ટ આવવાનો હજુ બાકી છે.

હાલમાં સિવિલ હોસ્પિટલમાં રાજસ્થાનની 2 વર્ષીય પાયલ પારઘી અને ખેડબ્રહ્માની 3 વર્ષીય જાનકીબેન પરમાર સારવાર હેઠળ છે અને તેમના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. રાહતના સમાચાર એ છે કે વિજયનગરના બિલડીયા ગામના 3 વર્ષીય મનસ્વી બોડાતનો રિપોર્ટ નેગેટિવ આવતા તે સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યો છે.

બીજી તરફ, પોશીનાના દેમતી મેરા ગામની 3 વર્ષીય આકૃતિબેન પરમાર નામની બાળકીને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તેના પરિવારજનો ડોક્ટરની મંજૂરી વિના જ તેને લઈને જતા રહ્યા હતા, જેના રિપોર્ટની પણ રાહ જોવામાં આવી રહી છે. આ ગંભીર સ્થિતિ અંગે હિંમતનગર સિવિલ હોસ્પિટલના આરએમઓ ડૉ. વિપુલ જાનીએ જણાવ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દીઓ માટે હોસ્પિટલમાં તાત્કાલિક ધોરણે એક અલગ સ્પેશિયલ વોર્ડ બનાવવામાં આવ્યો છે. જ્યાં બાળ દર્દીઓને વિશેષ દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી રહી છે. તમામ શંકાસ્પદ કેસોની વિગતો જિલ્લા આરોગ્ય વિભાગને મોકલી આપવામાં આવી છે.




# છોટાઉદેપુરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોની દુકાનોમાં સઘન ચેકિંગ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

નાગરિકોના આરોગ્યને ધ્યાને રાખી જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના માર્ગ દર્શન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર-છોટાઉદેપુરના ડેઝિગ્નેટેડ ઓફિસર પી.એમ.શાહની ઉપસ્થિતીમાં છોટાઉદેપુરમાં આવેલી ખાણી-પીણીની હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ'ની જોગવાઈઓ અન્વયે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઝુંબેશ દરમિયાન ટીમ દ્વારા આધુનિક 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' (FSW) ટેસ્ટિંગ વાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તંત્રની ટીમ દ્વારા જિલ્લા સેવા સદન રોડ તેમજ તેની આસપાસના વિસ્તારો જેવા કે શાક માર્કેટ અને મુખ્ય બજારમાં સઘન ચેકિંગ કરીને કુલ ૨૦ જેટલી પેઢીઓની તપાસ કરવામાં આવી હતી અને સ્થળ પર જ કુલ ૩૫ જેટલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન અંદાજીત ૧૦ કિલોગ્રામ જેટલો વાસી તેમજ



બિનઆરોગ્યપ્રદ (અનહાઈજેનિક) સ્થિતિમાં સંગ્રહ કરી રાખેલો ખાદ્ય પદાર્થ અને ૨ કિલોગ્રામ જેટલો હાનિકારક ફૂડ કલર મળી આવતા તંત્ર દ્વારા આ આખા જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

# નેતાઓની ગુલબાંગો વચ્ચે કવાંટ-રેણદા માર્ગ બન્યો મરણઝોક : રૂપિયા 68 કરોડની જાહેરાત માત્ર કાગળ પર

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ચોમાસાની શરૂઆત થતાં જ સરકારી તંત્રના ભ્રષ્ટાચાર અને પોકળ દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે. ગુજરાત અને મધ્યપ્રદેશને જોડતો અતિ મહત્વનો કવાંટથી રેણદા સુધીનો ૧૩ કિલોમીટરનો માર્ગ અત્યારે હાઈવે નહીં, પણ મોતના કૂવામાં ફેરવાઈ ગયો છે. આ આંતરરાજ્ય માર્ગ પર અત્યારે કાદવ-કીચડ અને મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય છે, જ્યાંથી પસાર થવું એટલે સીધું મોતને વહાલ કરવા બરાબર છે. વાહનચાલકો અને સ્થાનિક રહીશો રોજ જીવના જોખમે અહીંથી પસાર થઈ રહ્યા છે, પણ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું માર્ગ-મકાન વિભાગ આ જનતાની પીડા જોવા તૈયાર નથી. ચૂંટણીઓ આવે ત્યારે કરોડો રૂપિયાના વિકાસના વાયદા કરનારા નેતાઓ અત્યારે ક્યાં છુપાયા છે તેવો વેધક સવાલ જનતા પૂછી રહી છે. થોડા સમય પહેલાં કવાંટમાં આઠ



કરોડના આરસીસી રસ્તાના ખાતમુહૂર્ત વખતે સ્થાનિક ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાએ બહુ મોટી-મોટી જાહેરાતો કરી હતી કે કવાંટ-રેણદા માર્ગ માટે ૬૮ કરોડ રૂપિયા મંજૂર થઈ ગયા છે. હવે જનતા સવાલ પૂછી રહી છે કે સાહેબ, એ ૬૮ કરોડ રૂપિયા કયા ખાડામાં ગયા? ચોમાસું માથે આવી ગયું છતાં રસ્તાનું કામ કેમ શરૂ ન થયું? શું નેતાઓની આ જાહેરાતો માત્ર કાગળ પર જ ચમકાવવા માટે હતી? આ ભ્રષ્ટ અને અણઘડ વહીવટનો ભોગ અત્યારે નિર્દોષ દર્દીઓ અને માસૂમ વિદ્યાર્થીઓ બની રહ્યા છે. રસ્તા પર એટલા મોટા ખાડા છે કે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ સમયસર પહોંચી શકતી નથી. હોસ્પિટલ પહોંચતા પહેલાં જ દર્દી દમ તોડી દે તેવી ભયાનક સ્થિતિ છે. બીજી તરફ, આ વિસ્તારના વિદ્યાર્થીઓ સમયસર શાળા-કોલેજ પહોંચી શકતા નથી. એસ.ટી. બસો અને ખાનગી વાહનો આ તૂટેલા રસ્તા પર કલાકો સુધી અટવાઈ પડે છે, જેને કારણે ગરીબ આદિવાસી બાળકોનું ભવિષ્ય પણ ધૂંધળું બની રહ્યું છે. લોકો અત્યારે લોહીના આંસુએ રડી રહ્યા છે અને તંત્ર તમાશો જોઈ રહ્યું છે. જો ચોમાસાની આ લાંબી ઋતુમાં તાત્કાલિક ધોરણે આ રસ્તા પર મેટલિંગ કે માટી-કાંકરી નાખીને ખાડા પૂરવામાં નહીં આવે, તો ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાશે અને કોઈનો જીવ જશે.

# ગેરકાયદે ફેક્ટરીના માલિક અને મુખ્ય આરોપી મિતુલ પટેલની ખેડા-નડીયાદ SOG દ્વારા ધરપકડ!

ખેડા

ખેડા જિલ્લાના કપડવંજ ખાતે ગત ૨૭ જૂનના રોજ થયેલા પ્રચંડ ફેક્ટરી વિસ્ફોટના મામલામાં પોલીસે આખરે મોટી સફળતા મેળવી છે. આ ભયાનક બ્લાસ્ટ કેસના મુખ્ય આરોપી અને ફેક્ટરીના માલિક મિતુલ પટેલની ખેડા-નડીયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે દબોચી લીધો છે. ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટ બાદથી જ આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો, જેને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા. કપડવંજ ખાતે આવેલી આ ફેક્ટરીમાં ૨૭ જૂને અચાનક એક ધડાકાભેર પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે આસપાસનો વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો હતો અને ફેક્ટરીમાં કામ કરી રહેલા બે શ્રમિકો તેની ઝપેટમાં આવી ગયા હતા. બંને શ્રમિકો ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે, કમનસીબે તે પૈકીના એક શ્રમિકે સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો, જ્યારે



અન્ય એક શ્રમિક હજુ પણ જિંદગી અને મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. આ ફેક્ટરી તદ્દન ગેરકાયદેસર રીતે, કોઈ પણ સરકારી વિભાગની મંજૂરી કે લાયસન્સ વગર ધમધમી રહી હતી. ફેક્ટરીમાં સુરક્ષાના કોઈ જ સાધનો નહોતા અને શ્રમિકોના જીવને જોખમમાં મૂકીને કામકાજ ચલાવવામાં આવી રહ્યું હતું. તંત્રની આંખમાં ધૂળ નાખીને ચાલતા આ મોતના કારખાના સામે સ્થાનિક સ્તરે પણ ભારે રોષ જોવા મળી રહ્યો હતો.

### બે દિવસથી કલેક્ટરના ગ્રામીણ પ્રવાસોને પગલે તાલુકા કક્ષાના અધિકારીઓમાં ફફડાટ

# જિલ્લા કલેક્ટરનો સપાટો: નસવાડીના લીંડા ગામે કન્યા વિદ્યાલય કેમ્પસમાં ગંદકી જોઇ કલેક્ટર ચોંકી ઉઠ્યા, તાકીદે નિકાલના આદેશ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા 'જન સંવાદથી જન વિકાસ' અભિગમ હેઠળ નસવાડી તાલુકાના ગામડાઓનો સઘન પ્રવાસ કરવામાં આવી રહ્યો છે. આ કડી અંતર્ગત લીંડા ગામની મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરે વહીવટી તંત્રને દોડતું કરી દીધું હતું. ગામની અલ્પ સાક્ષરતા કન્યા વિદ્યાલયના કેમ્પસમાં ગટરના ઉભરાતા પાણી અને કચરાના ઢગલા જોઈને કલેક્ટર ભારે આશ્ચર્ય અને નારાજગી વ્યક્ત કરી હતી, તેમજ આ બાબતે તાત્કાલિક પગલાં લેવા કડક સૂચના આપી હતી. લીંડા ગામે યોજાયેલા જન સંવાદ દરમિયાન ગ્રામજનોએ કલેક્ટર



સમક્ષ રસ્તાની બિસ્માર હાલત, સિંચાઈના પાણીની અછત તેમજ ચોમાસામાં ઘરોમાં વરસાદી પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યાઓની રજૂઆતો કરી હતી. આ ફરિયાદોને પગલે કલેક્ટરે લીંડા ગામની શેરીઓમાં પગપાળા ચાલીને જાત-તપાસ કરી હતી. આ ઉપરાંત, સ્થાનિક ખેડૂતોએ પશુધનને ચરાવવા માટે ગોચર જમીન ઉપલબ્ધ ન હોવાની રજૂઆત પણ કલેક્ટર સમક્ષ મૂકી હતી. મુખ્ય માર્ગો પર ભરાઈ રહેતા વરસાદી પાણીના નિકાલ માટે પણ તેમણે સ્થળ પર જઈને સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન લીંડા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીએ કલેક્ટરનું ધ્યાન દોર્યું હતું કે, ગામમાં આવેલી અલ્પ સાક્ષરતા કન્યા વિદ્યાલયની હોસ્ટેલના શૌચાલય અને બાથરૂમની ગટરનું પાણી ઉભરાઈને મુખ્ય માર્ગ પર આવે છે. આ રજૂઆતના આધારે કલેક્ટર ગાર્ગી જૈન જ્યારે શાળા કેમ્પસની પાછળના ભાગમાં નિરીક્ષણ કરવા પહોંચ્યા, ત્યારે ત્યાંનો નજારો જોઈને ચોંકી ઉઠ્યા હતા. કેમ્પસની પાછળ કચરાના મોટા ઢગલા ખડકાયેલા હતા અને સડેલા ફળોનો કચરો ફેંકાયેલો હતો.વિદ્યાર્થીનીઓના સ્વાસ્થ્ય સાથે થઈ રહેલા આ ચેડાં અંગે ગંભીરતા દાખવી કલેક્ટરે સ્થળ પર જ તાલુકા વિકાસ અધિકારી (TDO) ને કડક આદેશ આપ્યા હતા.

## માણસામાં વર્ષો જૂના જર્જરિત ઘરોની સ્થિતિ અંગે સર્વે શરૂ કરાયો : વરસાદને કારણે માણસાના એક મકાનનો મોટો હિસ્સો તૂટી પડ્યો : એક ઘાયલ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસામાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદને કારણે એક તરફ ખેડૂતો અને જીવ સૃષ્ટિમાં આનંદ અને રાહતની લાગણી વ્યાપી છે તો બીજી તરફ કેટલીક જગ્યાએ નુકસાનના અહેવાલો પણ સામે આવી રહ્યા છે રવિવારે માણસા શહેરમાં આવેલા નવા કુવા વિસ્તારમાં ભારે વરસાદના કારણે જૂના મકાનનો એક મોટો હિસ્સો અચાનક તૂટી પડ્યો હતાં આ ગંભીર દુર્ઘટનામાં મકાનની અંદર હાજર એક વ્યક્તિ કાટમાળ નીચે દબાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં લાંબા સમયના વિરામ બાદ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. આ વરસાદથી જળાશયોમાં નવા નીર આવ્યા છે અને ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છે. જો કે, આ સતત વરસાદ હવે જૂના અને જર્જરિત બાંધકામો માટે આફત સાબિત થઈ રહ્યો છે.

માણસાના નવા કુવા વિસ્તારમાં આવેલું એક વર્ષો જૂનું મકાન સતત ભેજ અને પાણીના કારણે નબળું પડી ગયું હતું, જેનો આગળનો એક હિસ્સો રવિવારે પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું.

# વીરપુરના પીઠડીયા ગામ પાસે હાઈવે પર ગ્રામ્ય LCBએ 18.60 લાખનો વિદેશી દારૂ અને બે કાર સહિતનો મુદ્દામાલ જપ્ત

વીરપુર, ગૌરવ ગાજીપરા

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય (IPS)ના માર્ગદર્શન તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર (IPS)ના દારૂ-જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાના નિર્દેશોના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પીઠડીયા ગામથી આગળ ખોડીયાર હોટલ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. બાતમી મુજબ ગોંડલથી જેતપુર તરફ જઈ રહેલી GJ-21-BC-9295 નંબરની ટોયોટા ઈનોવામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો અને તેની આગળ GJ-03-MH-0054 નંબરની હ્યુન્ડાઈ ક્રેટા પાયલોટિંગ કરી રહી હતી.

પોલીસે બંને વાહનોને રોકવાનો પ્રયાસ કરતાં ઈનોવામાંથી એક અને ક્રેટામાંથી બે શખ્સો ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે




અન્ય બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ઈનોવાની તપાસ દરમિયાન મોટી માત્રામાં વિદેશી દારૂ મળી આવતા વિરપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પકડાયેલા આરોપી પ્રિન્સ કુરજીભાઈ પરમાર (રહે. પ્રમુખનગર, ગોંડલ) તરીકે થઈ છે. જ્યારે વિશાલ ઉર્ફે નાનુ રમેશભાઈ સાકરીયા (રહે. બિલિયાળા, તા. ગોંડલ) તથા જોરૂભાઈ મનુભાઈ પટગીર (રહે. નોલી, તા. સાયલા, જી. સુરેન્દ્રનગર) ને પોલીસે પકડવા ચક્રોગતિમાન કર્યા છે,

પોલીસે 1,309 બોટલ વિદેશી દારૂ (કિંમત 3,43,398), રોકડ 2,500, ત્રણ મોબાઈલ ફોન (કિંમત 15,000), હ્યુન્ડાઈ ક્રેટા કાર (કિંમત 5 લાખ) અને ટોયોટા ઈનોવા કાર (કિંમત 10 લાખ) સહિત કુલ 18,60,898નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ સમગ્ર સફળ કામગીરી એલસીબી રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ. સી. ગોહિલ, કે.એમ. ચાવડા, આર.વી. ભીમાણી, શ્રી પી.એન. ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણ ત્રિવેદી તેમજ એલસીબીની ટીમના અધિકારીઓ અને કર્મચારીઓએ સંયુક્ત રીતે પાર પાડી હતી.



### માત્ર 15 વર્ષની ઉંમરે મોડેલિંગના ક્ષેત્રમાં આવીને 2009માં તેણે 'મિસ ટીન ઈન્ડિયા'નું ટાઇટલ મેળવ્યું હતું

# ગ્લોબલ સ્ટાર બની રહી છે બોલિવૂડની સ્ટાર અભિનેત્રી ઉર્વશી રૌતેલા

મુંબઈ

'ગ્લોબલ સ્ટાર' તરીકે જાણીતી બોલિવૂડની અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ હાલમાં જ આખી દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે, એ માટે તેની કોઈ ફિલ્મ કે કોઈ એડ-ફિલ્મ કારણ નથી, પણ લકઝરિયસ લાઈફસ્ટાઈલ જીવતી આ અભિનેત્રીએ હાલમાં જ બુગાટી ટર્બિલોન હાઈપર કાર ખરીદી છે. આ એક કારની કિંમત રૂ. 45 કરોડ છે. ઉર્વશીને ફાસ્ટ કારનો ખૂબ જ શોખ છે. જોકે, આ બે કાર ખરીદવાની સાથે જ ઉર્વશી ક્રિસ્ટીયાનો રોનાલ્ડો, નેમાર જુનિયર અને ડ્રેક જેવા સ્પોર્ટસમેનની યાદીમાં સામેલ થઈ ગઈ છે. આ કાર બહુ ઓછી સંખ્યામાં બનાવવામાં આવે છે. માત્ર 15 વર્ષની ઉંમરે મોડેલિંગના ક્ષેત્રમાં આવીને 2009માં તેણે 'મિસ ટીન ઈન્ડિયા'નું ટાઈટલ મેળવ્યું હતું. ત્યારપછી તેણે પાછું વળીને જોયું નથી અને હવે ઉર્વશી રાષ્ટ્રીય નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતાના એક પછી એક સોપાન સર કરતી જાય છે. 25 ફેબ્રુઆરી 1994ના ઉત્તર પ્રદેશના રાજપૂત પરિવારના મીરાં અને મનવરસિંહ રૌતેલાના ઘરે જન્મેલી ઉર્વશી કોટયરમાં શાળાનું અને પછી દિલ્હીમાં કોલેજનું શિક્ષણ લીધું છે. 2009માં 'મિસ ટીન ઈન્ડિયા'નું ટાઈટલ મેળવ્યા પછી તે સતત આગળ વધતી રહી છે. 2011માં તેણે 'ઈન્ડિયન પ્રિન્સેસ'નું ટાઈટલ મેળવ્યું, તે જ વર્ષે 'મિસ ટૂરિઝમ ક્વિન ઓફ ધ યર'નું ટાઈટલ મેળવ્યું. આ સ્પર્ધા ચીનમાં યોજાઈ હતી. સૌંદર્ય સમ્રાજ્ઞીઓ મોટે ભાગે બોલિવૂડ ફિલ્મમાં અભિનયની કારકિર્દી શરૂ કરે છે એ રીતે 2011માં તેને બોલિવૂડની ફિલ્મ 'ઈશકઝાદે' ઓફર કરવામાં આવી, પણ તેને 'મિસ યુનિવર્સ' સ્પર્ધા પર વધારે ધ્યાન આપવું હતું એટલે તેણે એ ફિલ્મ નકારી કાઢી. 2012માં રૌતેલાએ 'આઈ એમ શી મિસ યુનિવર્સ ઈન્ડિયા'ની સાથે 'મિસ ફોટોજેનીક'નું બિરુદ મેળવ્યું હતું. તે સમયે તેની ઉંમર તેને નડી હતી અને નાની ઉંમરને કારણે તે 'મિસ યુનિવર્સ'માં ભાગ ન લઈ શકી. 2015માં તેણે 'મિસ યુનિવર્સ-2015'માં ભારત વતી ભાગ લીધો હતો. પણ તે ટાઈટલ જીતી શકી નહોતી. જોકે, આને પગલે તેની બોલિવૂડની કારકિર્દી શરૂ થઈ ગઈ. 2013માં સની દેઓલ સાથેની ફિલ્મ 'સિંઘ સાબ ધ ગ્રેટ'માં મુખ્ય અભિનેત્રી તરીકે તે ચમકી-ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ ગઈ હતી, પણ ઉર્વશી રૌતેલાના સૌંદર્યના ખૂબ જ વખાણ થયા હતા. 2014માં તે યો યો હની સિંહના આંતરરાષ્ટ્રીય વીડિયો આલબમ 'લવ ડોઝ'માં ચમકી હતી અને તેના પગલે તેને ખ્યાતિ મળી હતી. ત્યાર પછી તેણે દક્ષિણમાં કધનડ ફિલ્મ 'ઐરાવત'માં કામ કર્યું.

**2014માં તે યો યો હની સિંહના આંતરરાષ્ટ્રીય વીડિયો આલબમ 'લવ ડોઝ'માં ચમકી હતી**

# ઋષભ શેટ્ટી ફરી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવશે

## ઋષભ શેટ્ટીએ લોકપ્રિય ફ્રેન્ચાઈઝીના આગામી ભાગ એટલે કે 'કાંતારા: ચેપ્ટર 2'ને લઈને અપડેટ શેર કર્યું



મુંબઈ

કન્નડ સિનેમાના મશહૂર અભિનેતા અને દિગ્દર્શક ઋષભ શેટ્ટીની ફિલ્મ 'કાંતારા: ચેપ્ટર 1' એ વર્ષ 2025માં થિયેટરોમાં રિલીઝ થઈને બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચી દીધો હતો. વર્ષ 2022માં આવેલી બ્લોકબસ્ટર 'કાંતારા' ની આ ફ્રેન્ચાઈઝી ફિલ્મને દર્શકોનો અદ્ભુત પ્રતિસાદ મળ્યો હતો. આ ઐતિહાસિક સફળતા બાદ હવે ઋષભ શેટ્ટીએ આ લોકપ્રિય ફ્રેન્ચાઈઝીના આગામી ભાગ એટલે કે 'કાંતારા: ચેપ્ટર 2' (Kantara: Chapter 2) ને લઈને એક સત્તાવાર અને મોટું અપડેટ શેર કર્યું છે. 'કાંતારા 2' ની કહાણી પર કામ તેજીથી શરૂ એક તાજેતરના ઈન્ટરવ્યુમાં આ વાતની પુષ્ટિ કરતા ઋષભ શેટ્ટીએ જણાવ્યું કે, તેઓ આ ફ્રેન્ચાઈઝીના આગામી ભાગ પર કામ શરૂ કરી ચૂક્યા છે. તેમણે કહ્યું, 'દિગ્દર્શન મારો પહેલો પ્રેમ છે અને હું તેના વિના શાંતિથી બેસી શકતો નથી. જ્યારે હું કેમેરાની પાછળ હોઉં છું ત્યારે મને માનસિક શાંતિ અને અસીમ આનંદ મળે છે.' ઋષભે ખુલાસો કર્યો કે તેમની રાઈટર્સની ટીમ તેમની સાથે જોડાઈ ગઈ છે અને 'કાંતારા: ચેપ્ટર 2' ની સ્ક્રિપ્ટ પર ખૂબ જ ઝડપથી કામ આગળ વધી રહ્યું છે. 'કાંતારા' ફ્રેન્ચાઈઝી ઉપરાંત ઋષભ શેટ્ટી પાસે ઘણી મેગા બજેટ ફિલ્મો લાઈનમાં છે, જેમાં 'જય હનુમાન' અને 'ધ પ્રાઈડ ઓફ ભારત: છત્રપતિ શિવાજી મહારાજ' જેવી મોટી ફિલ્મો સામેલ છે. પોતાના બિઝી શિડ્યુલ અંગે વાત કરતા અભિનેતાએ સ્પષ્ટ કર્યું કે, તેઓ એક સમયે બે ફિલ્મોનું શૂટિંગ નહીં કરે. કારણ કે બંને પ્રોજેક્ટ્સ માટે તેમણે તદ્દન અલગ લુક અને ફિઝિક જાળવવી પડશે. આથી તેઓ પહેલા પ્રશાંત વર્માના નિર્દેશનમાં બની રહેલી 'જય હનુમાન' નું શૂટિંગ પૂરું કરશે અને ત્યારબાદ 'છત્રપતિ શિવાજી મહારાજ' ની બાયોપિક પર કામ શરૂ કરશે. 'જય હનુમાન'માં મુખ્ય ભૂમિકામાં દેખાશે ઋષભ શેટ્ટી ઋષભ શેટ્ટી ટૂંક સમયમાં જ ડિરેક્ટર પ્રશાંત વર્માની મોસ્ટ અવેટેડ પાન-ઈન્ડિયા ફેન્ટસી ફિલ્મ 'જય હનુમાન'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# બોક્સ ઓફિસ પર મચશે 'ધમાલ'; એડવાન્સ બુકિંગમાં દિલ્હી-મુંબઈ મોખરે

## અજય દેવગન, રીતેશ દેશમુખ, અરશદ વારસી અને જાવેદ જાફરીની આ મલ્ટિસ્ટારર કોમેડી ફિલ્મ માટે સૌથી વધુ ક્રેઝ દિલ્હી-NCR અને મુંબઈ-પુણે સર્કિટમાં જોવા મળી રહ્યો છે

મુંબઈ

બોલિવુડની સૌથી લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી 'ધમાલ' ફરી એકવાર દર્શકોને હસાવવા માટે સજ્જ થઈ ગઈ છે. વર્ષ 2007માં આવેલી આ સિરીઝની પહેલી ફિલ્મની સફળતા બાદ, હવે પૂરા 19 વર્ષ પછી આ ફ્રેન્ચાઈઝીનો ચોથો ભાગ એટલે કે 'ધમાલ 4' સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહ્યો છે. આવતી કાલે 10 જુલાઈએ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર દસ્તક આપશે, જ્યારે મંગળવાર સાંજથી જ તેની એડવાન્સ બુકિંગ વિન્ડો ઓપન કરી દેવામાં આવી છે. એડવાન્સ બુકિંગની ધીમી પણ મક્કમ શરૂઆત ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ 'બુક માય શો' પર 1.25 લાખથી વધુ લોકોએ આ ફિલ્મ જોવામાં રસ દાખવ્યો છે, જે દર્શાવે છે કે દર્શકોમાં આ ક્રેઝ હજુ પણ અકબંધ છે. અત્યાર સુધીના આંકડા મુજબ, એડવાન્સ બુકિંગ શરૂ થયાના અંદાજે 41 કલાકમાં ફિલ્મના આશરે 43,907 ટિકિટો પ્રી-બુક થઈ ચૂકી છે. દેશભરના 7,589 શોઝમાંથી ફિલ્મે અત્યાર સુધીમાં રૂપિયા 1.12 કરોડની ગ્રોસ કમાણી કરી લીધી છે. જો બ્લોક સીટોને પણ ઉમેરી દેવામાં આવે, તો આ આંકડો રૂપિયા 3.30 કરોડ સુધી પહોંચે છે. આ ગતિ તાજેતરમાં રિલીઝ થયેલી આલિયા ભટ્ટની એક્શન ફિલ્મ 'આલ્ફા' (Alpha) જેવી જ છે, જેણે પહેલા દિવસે રૂપિયા 9.25 કરોડની કમાણી કરી હતી. અજય દેવગન, રીતેશ દેશમુખ, અરશદ વારસી અને જાવેદ જાફરીની આ મલ્ટિસ્ટારર કોમેડી ફિલ્મ માટે સૌથી વધુ ક્રેઝ દિલ્હી-NCR અને મુંબઈ-પુણે સર્કિટમાં જોવા મળી રહ્યો છે. શહેર પ્રમાણે એડવાન્સ બુકિંગ કલેક્શનની વાત કરવામાં આવે તો, દિલ્હી (NCR) માં રૂપિયા 66.26 લાખ, મુંબઈમાં રૂપિયા 40.67 લાખ, હૈદરાબાદમાં રૂપિયા 19.54 લાખ, બેંગલુરુમાં રૂપિયા 11.48 લાખ, જયપુરમાં રૂપિયા 09.75 લાખ, પુણેમાં 9.38 લાખ રૂપિયા, અમદાવાદમાં 9.28 લાખ રૂપિયા, કોલકાતામાં 7.61 લાખ રૂપિયા, સુરતમાં 6.52 લાખ રૂપિયા અને ચેન્નઈમાં 6.48 લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે. હાલ દેશના ઘણા ભાગોમાં ચોમાસાનો ભારે વરસાદ ચાલી રહ્યો છે, જે કદાચ થિયેટરો સુધી જતી ઓડિયન્સની સંખ્યામાં થોડો ઘટાડો કરી શકે છે. પરંતુ આવી માસ-કોમેડી ફિલ્મો એડવાન્સ બુકિંગ કરતાં સ્પોટ બુકિંગ (ઓન-સાઈટ ટિકિટ ખરીદી) અને પબ્લિક રિવ્યુના આધારે વધુ કમાણી કરે છે. એડવાન્સ બુકિંગની સરેરાશ સ્પીડ જોતા એવું અનુમાન છે કે 'ધમાલ 4' પહેલા દિવસે બોક્સ ઓફિસ પર રૂપિયા 07 કરોડથી રૂપિયા 09 કરોડ વચ્ચેની ઓપનિંગ મેળવી શકે છે.






# ઘાઘરા-ચોલી છોડીને સપના ચૌધરીનો ગ્લેમરસ અવતાર

## ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સ્ટાર એક્ટ્રેસ, હરિયાણવી ડાન્સર સપના ચૌધરીનો નવો લૂક જોઈને ફેન્સ કોમેન્ટ કરવાથી રોકી નથી શકતા

મુંબઈ

ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સ્ટાર એક્ટ્રેસ, હરિયાણવી ડાન્સર સપના ચૌધરીનો નવો લૂક જોઈને ફેન્સ કોમેન્ટ કરવાથી રોકી નથી શકતા. દેશીગર્લ તરીકે જાણીતી સપના ચૌધરીનો બોલ્ડ લૂક સામે આવ્યો છે. ફેન્સ એના આ નવા લૂક પરથી પલક ઝપકાવતા નથી. પોતાના એક નવા ડ્રેસમાં એક્ટ્રેસે પોતાની એક તસવીર શૅર કરી છે. મોટાભાગના કેસમાં સૂટ, સાડી અને ટ્રેડિશનલ ઘાઘરા ચોલીમાં જોવા મળતી ડાન્સરનો બોલ્ડ લૂક સામે આવતા ફેન્સ ચોંકી ગયા હતા. કેટલાક ફેન્સની આંખ ચાર થઈ ગઈ હતી. ફેન્સ વારંવાર એની પ્રોફાઈલ જોઈ રહ્યા છે. એનો ગ્લેમરસ અંદાજથી અનેકને સરપ્રાઈઝ મળી હતી. બાળકો સાથે શિફ્ટ થઈ સપના ચૌધરીએ તેના નવા ફોટામાં ડાર્ક બ્લૂ ડ્રેસ પહેર્યો છે જેમાં સુંદર નેકલાઈન જોવા મળી રહી છે. હાઈ-સ્લિટ ડ્રેસમાં તેના ટોન્ડ લેગ ફ્લોન્ટ કર્યા અને અનેક અદભુત પોઝ આપ્યા. બોલ્ડ લુકમાં, સમુદ્રની વચ્ચે ક્રુઝ પર ચમકી ગઈ હતી અને સીડી પર બેસીને મસ્ત પોઝ આપ્યા હતા. સપના ચૌધરીના બોલ્ડ લૂકથી ચાહકો મોહિત થઈ ગયા છે. કેટલાક તેને બ્યુટી ક્વીન તરીકે બિરદાવી રહ્યા છે તો કેટલાક તેના ફોટા પર દિલ અને ફાયરવાળા ઈમોજી આપી રહ્યા છે. સપનાએ બધાના દિલ જીતી લીધા છે. સપનાના અંગત જીવનની વાત કરીએ તો, તેનું લગ્નજીવન મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. એક્ટ્રેસનો આરોપ છે કે, તેના પતિએ તેના પર અનેક વખત શારીરિક અત્યાચાર કર્યો છે અને જાહેર સ્થળોએ પણ અત્યાચાર ગુજાર્યો છે. પતિની હિંસાથી વ્યથિત થઈને, સપનાએ તેનું વૈવાહિક ઘર છોડી દીધું છે અને હવે તે તેના બાળકો સાથે તેના માતાપિતાના ઘરે રહેવા ગઈ છે. થોડા સમય પહેલા એક કાર્યક્રમનો વિડિયો વાયરલ થયો હતો. જેમાં તે ભોજપુરી ગીત 'તેરી આખ્યા કા વો કાજલ, મને કરે સે કોઈ ઘાયલ' પર સાથી ડાન્સર સાથે સ્ટેપ કરી રહી છે. આ વિડિયો સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો હતો.આ ગીતમાં તેણે વ્હાઈટ સાડી પહેરી હતી. કમરના સ્ટેપ જોઈને ફેન્સે દમદાર કોમેન્ટ કરી રહ્યા હતા.

# 'ધ વન'ની નવી થિયેટ્રિકલ રિલીઝ ડેટ જાહેર, સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાના પોસ્ટરે ફેન્સની ઉત્સુકતા વધારી

મુંબઈ

'ધ વન'ના નિર્માતાઓએ 2026ની તેમની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એકની નવી રિલીઝ ડેટ જાહેર કરી છે. આ જાહેરાત સાથે ફિલ્મનો નવો પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યો છે, જે ફિલ્મની દુનિયાની અત્યાર સુધીની સૌથી ખાસ ઝલક આપે છે. હવે 'ધ વન' 25 સપ્ટેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. પોસ્ટર સામે આવતા જ સોશિયલ મીડિયા પર તેની જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉપરથી લેવામાં આવેલા દૃશ્યમાં એક શક્તિશાળી, યોદ્ધા જેવા હીરોને એક બળદ અને વાઘની વચ્ચે ઉભેલા બતાવવામાં આવ્યા છે. પોસ્ટર ખૂબ જ શક્તિશાળી, રહસ્યમય અને રસપ્રદ લાગે છે, બિલકુલ ફિલ્મના વચન જેવી જ અનુભૂતિ કરાવે છે. પોસ્ટરમાં રહેલા પ્રતીકો ફિલ્મની વાર્તાના મુખ્ય સંઘર્ષ તરફ સંકેત આપે છે અને તેની લોકકથાઓથી પ્રેરિત દુનિયાના રહસ્યને વધુ ઊંડું બનાવે છે. પોસ્ટર રિલીઝ થયાની મિનિટોમાં જ તેના શાનદાર ડિઝાઈન અને ફિલ્મના ભવ્ય સ્કેલને લઈને લોકોનું ધ્યાન ખેંચાયું. ચાહકોએ તેની સુંદર ડિટેલિંગની પણ ખૂબ પ્રશંસા કરી. મોટા પડદા માટે ભવ્ય રીતે તૈયાર થઈ રહેલી 'ધ વન' ભારતીય લોકકથાઓને સિનેમાઘરોમાં રજૂ કરવાની સૌથી મહત્ત્વાકાંક્ષી ફિલ્મોમાંથી એક છે. ફૅન્ટસી, એક્શન, કોમેડી અને એડવેન્ચરનું સુંદર મિશ્રણ ધરાવતી આ ફિલ્મ શાનદાર વર્લ્ડ બિલ્ડિંગ અને આધુનિક વિઝ્યુઅલ ઈફેક્ટ્સ સાથે દર્શકોને એક અનોખો સિનેમેટિક અનુભવ આપવાનો વાયદો કરે છે. 'ધ વન'નો હેતુ ભારતીય મૂળ સાથે જોડાયેલી એવી વાર્તાઓને ઉજાગર કરવાનો છે, જે દરેક પેઢીના દર્શકોને સ્પર્શી શકે. આજના સમયમાં, જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રીમેક, એડેપ્ટેશન અને ફ્રેન્ચાઈઝી ફિલ્મોનું પ્રભુત્વ છે, ત્યારે 'ધ વન' સંપૂર્ણ નવી દુનિયા સર્જવાનો પ્રયત્ન કરી રહી છે.

દુનિયાની જાણીતી ફૅન્ટસી દુનિયાઓની જેમ આ ફિલ્મ માત્ર એક વાર્તા નહીં કહે, પરંતુ પોતાના પાત્રો, પ્રતીકો અને લોકકથાઓ સાથે એક વિશાળ ફોકલોર દુનિયાનો પાયો નાખશે. નિર્માતાઓએ 'ધ લેજન્ડ ઓફ વન' કોમિક બુક દ્વારા આ મોટા વિઝનની પ્રથમ ઝલક પહેલેથી જ આપી છે, જેના કારણે સિનેપ્રેમીઓમાં ફિલ્મ પ્રત્યે વધુ ઉત્સુકતા વધી છે. આ ફિલ્મ બાલાજી મોશન પિક્ચર્સ અને ટીવીએફ મોશન પિક્ચર્સને એકસાથે લઈને આવી રહી છે. ફિલ્મનું દિગ્દર્શન દીપક કુમાર મિશ્રાએ કર્યું છે. ફિલ્મમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



પાક્કો ગુજરાત

શુક્રવાર | 10 જુલાઈ 2026 | અમદાવાદ

### 114મા રેન્ક ધરાવતા ફેરીએ ઇટાલીના નવમા સીડ ફ્લાવિયો કોબોલીને 6-4, 7-6 (7-4), 6-0થી હરાવ્યો

# બ્રિટનનો આર્થર ફેરી પહેલીવાર વિમ્બલ્ડન સેમિફાઈનલમાં પહોંચ્યો

મુંબઈ

બ્રિટનનો વાઈલ્ડકાર્ડ આર્થર ફેરી વિમ્બલ્ડન 2026માં ઉલટફેર કરીને પહેલીવાર ગ્રાન્ડ સ્લેમની સેમિફાઈનલમાં પહોંચ્યો. 114મા રેન્ક ધરાવતા ફેરીએ ઈટાલીના નવમા સીડ ફ્લાવિયો કોબોલીને 6-4, 7-6 (7-4), 6-0થી હરાવ્યો.

23 વર્ષીય ફેરી વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચનારા માત્ર બીજા વાઈલ્ડકાર્ડ ખેલાડી બન્યા છે. તેની પહેલા 2001માં ગોરાન ઈવાનિસેવિચે આ સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે તે જ વર્ષે ખિતાબ પણ જીત્યો હતો. ફેરીનો સેમિફાઈનલમાં ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન અને બીજી ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સામે મુકાબલો થશે. સેન્ટર કોર્ટ પર રમાયેલી મેચમાં ફેરીએ શરૂઆતથી જ આક્રમક રમત બતાવી. તેણે પહેલો સેટ 6-4થી જીત્યો. ત્યારબાદ બીજા સેટનો ટાઈ-બ્રેક 7-4થી પોતાના નામે કર્યો. પછી ત્રીજો સેટ 6-0થી હરાવીને મેચ પોતાના નામે કરી લીધો. આ ફેરીના કરિયરનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ક્વાર્ટર ફાઈનલ હતો. ફેરીએ આ વર્ષે બીજી વાર કોબોલીને હરાવ્યો. 2026માં આ બીજી વાર છે જ્યારે આર્થર ફેરીએ કોઈ ગ્રાન્ડ સ્લેમમાં ફ્લાવિયો કોબોલીને હરાવ્યો છે. આ પહેલા તેણે ઓસ્ટ્રેલિયન ઓપનના પહેલા રાઉન્ડમાં કોબોલીને 7-6, 6-4, 6-1થી હરાવ્યો હતો. ફ્રેન્ચ ઓપનમાં કોબોલીની ટક્કર ફેરી સાથે થઈ ન હતી, જ્યાં તે ફ્રેન્ચ ઓપનના ફાઈનલ સુધી પહોંચ્યો હતો. ફેરી ઓપન એરામાં વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચનાર પાંચમો બ્રિટિશ ખેલાડી બન્યો. તેના પહેલા એન્ડી મરે (7 વખત), ટિમ હેનમેન (4 વખત), રોજર ટેલર (2



વખત) અને કેમરૂન નોરી (1 વખત) એકવાર સેમિફાઈનલમાં પહોંચ્યા હતા. ફેરી બોલ્યો- વિશ્વાસ નથી થતો મેચ પછી ફેરીએ કહ્યું- 'દરેક મેચ સાથે બધું વધુ સારું થતું જાય છે. મને હજુ પણ વિશ્વાસ નથી થતો કે હું વિમ્બલ્ડનની સેમિફાઈનલમાં છું.' તેણે કહ્યું કે મેચ પહેલા તે ખૂબ જ ગભરાયેલો હતો, પરંતુ અંત સુધી પોતાનો વિશ્વાસ જાળવી રાખ્યો.

બ્રિટનનો વાઈલ્ડકાર્ડ આર્થર ફેરી વિમ્બલ્ડન 2026માં ઉલટફેર કરીને પહેલીવાર ગ્રાન્ડ સ્લેમની સેમિફાઈનલમાં પહોંચ્યો. 114મા રેન્ક ધરાવતા ફેરીએ ઈટાલીના નવમા સીડ ફ્લાવિયો કોબોલીને 6-4, 7-6 (7-4), 6-0થી હરાવ્યો. 23 વર્ષીય ફેરી વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચનારા માત્ર બીજા વાઈલ્ડકાર્ડ ખેલાડી બન્યા છે. તેની પહેલા 2001માં ગોરાન ઈવાનિસેવિચે આ સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે તે જ વર્ષે ખિતાબ પણ જીત્યો હતો. ફેરીનો સેમિફાઈનલમાં ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન અને બીજી ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સામે મુકાબલો થશે.

## ચોથી T20માં મેદાન પર ઉતરતા જ અક્ષર પટેલ રચશે ઈતિહાસ

નવી દિલ્હી

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની T20 સીરીઝની ચોથી મેચ ગુરુવારે બ્રિસ્ટલના કાઉન્ટી ગ્રાઉન્ડ પર રમાવાની છે. આ મેચમાં પ્લેઈંગ ઈલેવનમાં સામેલ થતાં જ ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલ એક મોટી સિદ્ધિ પોતાના નામે કરી શકે છે. અક્ષર પટેલે અત્યાર સુધી ભારત માટે 99 T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાં તેણે 746 રન બનાવવાની સાથે 101 વિકેટ પણ ઝડપી છે. જો ગુરુવારની મેચમાં તેને તક મળશે, તો આ તેના કરિયરની 100મી T20 ઈન્ટરનેશનલ મેચ હશે અને તે ભારત તરફથી આ મુકામ હાંસલ કરનારો માત્ર પાંચમો ખેલાડી બની જશે. આ મેચમાં મેદાન પર ઉતરતાની સાથે જ અક્ષર પટેલ પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને પાછળ છોડી દેશે. ધોનીએ પોતાના કરિયરમાં ભારત તરફથી 99 T20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી. અત્યાર




સુધી ભારતના માત્ર 4 ખેલાડીઓ જ 100થી વધુ T20 મેચ રમી શક્યા છે, જેમાં રોહિત શર્મા (161 મેચ) પ્રથમ સ્થાને, હાર્દિક પંડ્યા (138 મેચ) બીજા સ્થાને, વિરાટ કોહલી (127 મેચ) ત્રીજા સ્થાને અને સૂર્યકુમાર યાદવ (115 મેચ) ચોથા સ્થાને છે. અક્ષર પટેલે ઈંગ્લેન્ડ સામેની બીજી T20 મેચમાં હેરી બ્રુકને આઉટ કરીને પોતાની 100 વિકેટ પૂરી કરી હતી અને તે આ સિદ્ધિ મેળવનારો ભારતનો પ્રથમ સ્પિનર બન્યો હતો. જોકે, આ સીરીઝની 3 મેચોમાં તે માત્ર 15 રન અને 2 વિકેટ જ લઈ શક્યો હોવાથી ચોથી મેચમાં તેના તરફથી સારા પ્રદર્શનની આશા રહેશે. નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી ત્રીજી T20 મેચમાં ભારતીય ટીમનો ઈંગ્લેન્ડ સામે 125 રને કારમો પરાજય થયો હતો.

### સ્ટોક્સે "Sack him" લખી પ્રતિક્રિયા આપી

## બેન સ્ટોક્સની નિવૃત્તિ વિવાદોમાં વાઈરલ થતાં ICC અને ઈંગ્લિશ બોર્ડ સામે ભડક્યો દિગ્ગજ ક્રિકેટર

વોશિંગ્ટન

ઈંગ્લેન્ડના પૂર્વ ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સના ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત બાદ એક નવો વિવાદ ઊભો થયો છે. ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચ દરમિયાન ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) દ્વારા સ્ટોક્સના રિટાયરમેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. આ વીડિયોના ટાઈમિંગને લઈને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ પ્લેયર્સ એન્ડ મેચ ઓફિશિયલ્સ એરિયા (PMOA) ના નિયમોના ઉલ્લંઘન બદલ ECB ને સત્તાવાર પત્ર (નોટિસ) મોકલી ખુલાસો માંગ્યો છે. આ સમગ્ર વિવાદ પર બેન સ્ટોક્સે સોશિયલ મીડિયા દ્વારા માત્ર બે જ શબ્દોમાં - 'Sack




him' (તેને બરખાસ્ત કરો) લખીને તીખી પ્રતિક્રિયા આપી છે, જે ઈન્ટરનેશનલ ક્રિકેટ જગતમાં ભારે ચર્ચા જગાવી રહી છે. નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે 28 જૂનના રોજ બપોરે 03.25 વાગ્યે બેન સ્ટોક્સે નિવૃત્તિની જાહેરાત કરી હતી. સ્ટોક્સ અને તેના લાંબા સમયના એજન્ટ નીલ ફેરબ્રધરે મળીને આ આખી યોજના બનાવી હતી. જો કે, મેચ ચાલુ હતી તે દરમિયાન જ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો. જેમાં સ્ટોક્સ ડ્રેસિંગ રૂમમાં સાથી ખેલાડીઓને પોતાના નિવૃત્તિના નિર્ણયની જાણ કરતો જોવા મળ્યો હતો. ટેસ્ટ મેચ પૂરી થાય તે પહેલાં જ ડ્રેસિંગ રૂમનો ઓડિયો-વીડિયો વાયરલ કરવો એ આઈસીસીના કડક નિયમોની વિરૂદ્ધ છે.

## વિવાદિત નિર્ણયોને કારણે બહાર ફેંકાતા ઈજિપ્તે કમ્પ્લેન કરી

### ઈજિપ્તનો એક ગોલ VAR દ્વારા રદ થયો હતો અને પેનલ્ટી ન મળ્યાનો પણ દાવો

FIFA વર્લ્ડ કપ 2026માં આર્જેન્ટિના સામે રોમાંચક અને વિવાદાસ્પદ મેચમાં મળેલી હાર બાદ ઈજિપ્ત ફૂટબોલ ફેડરેશન ભારે રોષમાં છે. ઈજિપ્ત ફૂટબોલ ફેડરેશને સત્તાવાર જાહેરાત કરી છે કે તેમણે રાઉન્ડ ઓફ 16ની મેચમાં આર્જેન્ટિના સામે 3-2થી મળેલી હાર બાદ ઓફિશિયેટિંગ ટીમ વિરુદ્ધ FIFAમાં ઔપચારિક ફરિયાદ નોંધાવી છે અને આ સમગ્ર રેફરી ટીમને તાત્કાલિક અસરથી વર્લ્ડ કપમાંથી હટાવવાની માગ કરી છે. ફેડરેશન દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, 'ઈજિપ્ત ફૂટબોલ ફેડરેશનના અધ્યક્ષ હાની અબુરિદાએ FIFAમાં લેખિત ફરિયાદ નોંધાવી છે અને ફ્રાન્સના મુખ્ય રેફરી ફ્રાંસવા લેટેક્સિયેર સામે કડક તપાસની માંગ કરી છે. રેફરી ટીમ દ્વારા મેચ




દરમિયાન ગંભીર ભૂલો કરવામાં આવી હતી અને બેવડા ધોરણો અપનાવવામાં આવ્યા હતા. આ પક્ષપાતી નિર્ણયોના કારણે જ ઈજિપ્તની ટીમ મેચ હારી ગઈ અને વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગઈ છે.' VARના નિર્ણયો પર ઉઠ્યા ગંભીર સવાલો મંગળવારે રાત્રે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં જ્યારે ઈજિપ્ત 1-0થી આગળ હતું, ત્યારે મુખ્ય રેફરી લેટેક્સિયેરે VARની મદદ લીધા બાદ મુસ્તફા ઝિકોનો એક મહત્ત્વપૂર્ણ ગોલ રદ કરી દીધો હતો. VAR ફૂટેજમાં દર્શાવવામાં આવ્યું હતું કે ગોલના ઘણાં સમય પહેલાં બનેલી એક મૂવમાં લિસાન્ડ્રો માર્ટિનેઝ સામે ફાઉલ થયો હતો. જોકે, આ આંચકા બાદ પણ થોડી જ મિનિટોમાં ઝિકોએ શાનદાર વાપસી કરીને ઈજિપ્તને 2-0ની મજબૂત લીડ અપાવી દીધી હતી.

આ ગોલ સાથે ઈજિપ્તની ટીમ પ્રથમ વખત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાની ખૂબ જ નજીક દેખાઈ રહી હતી. એક્સ્ટ્રા ટાઈમમાં ડ્રામા: મેસીની ટીમ સામે પક્ષપાતનો આરોપ. મેચના અંતિમ ગાળામાં અને વધારાના સમયમાં વિવાદ વધુ વકર્યો હતો. ક્રિસ્ટિયન રોમેરો અને લિયોનેલ મેસીના શાનદાર ગોલની મદદથી આર્જેન્ટિનાએ સ્કોર 2-2ની બરાબરી પર લાવી દીધો હતો. ત્યારબાદ એન્ઝો ફર્નાન્ડિઝે આર્જેન્ટિના માટે વિજયી ગોલ કર્યો હતો. ઈજિપ્ત ફૂટબોલ ફેડરેશનનો દાવો છે કે એન્ઝો ફર્નાન્ડિઝના આ નિર્ણાયક ગોલ પહેલાં એલેક્સિસ મેક એલિસ્ટરે ઈજિપ્તના ખેલાડી હમદી ફાથીને બોક્સમાં ખેંચ્યો હતો. આ નિયમ વિરુદ્ધની રમત હતી અને ઈજિપ્તને પેનલ્ટી મળવી જોઈતી હતી, જે ન આપવામાં આવી. અધ્યક્ષ હાની અબુરિદાએ પોતાના નિવેદનમાં ઉમેર્યું કે, 'અમે માત્ર મેદાન પરના મુખ્ય રેફરી જ નહીં પરંતુ VAR રૂમમાં બેઠેલી સમગ્ર ટીમની તપાસની માંગ કરીએ છીએ. મેચ દરમિયાન સ્પષ્ટ ભૂલો થઈ હતી. અમને પૂરી આશંકા છે કે ઈજિપ્તના હિતમાં હોય તેવા કેટલાક મહત્ત્વપૂર્ણ કેમેરા ફૂટેજની સમીક્ષા જાણી જોઈને કરવામાં આવી નહોતી. અમારા મતે ઈજિપ્તને તે ગોલ અને પેનલ્ટી બંને મળવા પાત્ર હતા.



### સરકારે લિથિયમ-આયન સેલ અને ડિસ્પ્લે પર કસ્ટમ ડ્યુટી માફ કરી

## સ્માર્ટફોન-લેપટોપ સસ્તા થઈ શકે છે

મુંબઈ

કેન્દ્ર સરકારે દેશમાં સ્માર્ટફોન, લેપટોપ, વેરેબલ્સ (સ્માર્ટવોચ, ફિટનેસ બેન્ડ) અને સ્માર્ટ ટીવી જેવા ઈલેક્ટ્રોનિક ડિવાઈસ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સામાન પરથી બેઝિક કસ્ટમ ડ્યુટી (BCD) હટાવી દીધી છે. હવે ડિસ્પ્લે એસેમ્બલી, લિથિયમ-આયન સેલ અને ઈન્ડક્ટર કોઈલ મોડ્યુલના મેન્યુફેક્ચરિંગમાં ઉપયોગમાં લેવાતા સામાન પર બેઝિક કસ્ટમ ડ્યુટી લાગશે નહીં. સરકારે ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આ પગલું ભર્યું છે. માર્ચ 2029 સુધી લાગુ રહેશે છૂટ, કંપનીઓની કિંમત ઓછી થશે નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, આ ઘટકો પર મળતી આ છૂટ આગામી 3 વર્ષથી વધુ એટલે કે 31 માર્ચ, 2029



સુધી માન્ય રહેશે. સરકારના આ પગલાનો હેતુ દેશમાં ઈલેક્ટ્રોનિક્સ સામાનના ઉત્પાદનને વેગ આપવો અને કંપનીઓના ખર્ચમાં ઘટાડો કરવાનો છે.

PLI સ્કીમને સપોર્ટ કરવો અને આયાત પર નિર્ભરતા ઘટાડવાનો છે હેતુ સરકારનો આ નિર્ણય ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે ચાલી રહેલી પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ એટલે કે PLI સ્કીમના ઉદ્દેશ્યો માટે યોગ્ય છે. હાલમાં, ભારતને ડિસ્પ્લે એસેમ્બલી અને લિથિયમ-આયન સેલ જેવી મુખ્ય વસ્તુઓ માટે મોટા પાયે અન્ય દેશો (ખાસ કરીને ચીન અને વિયેતનામ) પર નિર્ભર રહેવું પડે છે. આ ડ્યુટી છૂટ પછી સ્થાનિક સ્તરે ઉત્પાદન વધશે, જેનાથી વિદેશી દેશો પર ભારતની નિર્ભરતા ઘટશે. ઉદ્યોગ નિષ્ણાતોનું માનવું છે કે ડિસ્પ્લે એસેમ્બલી અને લિથિયમ-આયન સેલ કોઈપણ સ્માર્ટફોન, લેપટોપ અથવા સ્માર્ટ ટીવીની કુલ કિંમતનો એક મોટો ભાગ હોય છે. તેના પરથી બેઝિક કસ્ટમ ડ્યુટી હટાવવાથી કંપનીઓને મેન્યુફેક્ચરિંગમાં મોટી રાહત મળશે. આવનારા સમયમાં કંપનીઓ તેનો ફાયદો ગ્રાહકોને આપી શકે છે, જેનાથી ભારતમાં બનેલા ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોની કિંમતો ઘટી શકે છે.

### અમેરિકા-ઈરાન તણાવે વૈશ્વિક બજારોમાં હલચલ મચાવી છે

## વાયદા બજારમાં ફરી કડાકો, ઓલ ટાઈમ હાઈથી ચાંદી 2 લાખ તો સોનું 50,000 રૂપિયા સસ્તું

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા નવા તણાવને કારણે વૈશ્વિક બજારમાં મોટી હલચલ જોવા મળી રહી છે. આ તણાવના લીધે મોંઘવારી વધવાની ચિંતા અને આ વર્ષે વ્યાજ દરોમાં વધારો થવાની આશંકાઓને પગલે ગુરુવાર, 9 જુલાઈના રોજ સોના અને ચાંદીના ભાવમાં કડાકો બોલાયો છે. MCX બજાર ખુલતાની સાથે જ સવારે 9:15 વાગ્યે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં ઓગસ્ટ મહિનાના સોનાના વાયદાના ભાવ 0.30% ઘટીને 10 ગ્રામ દીઠ 1,43,275 પર આવી ગયા હતા. જ્યારે સપ્ટેમ્બર મહિનાના ચાંદીના વાયદાના ભાવ પણ 0.76% તૂટીને પ્રતિ કિલોગ્રામ 2,21,749 પર ટ્રેડ થઈ રહ્યા હતા. ઓલ ટાઈમ હાઈથી સોનું 50,000 અને ચાંદી 2 લાખ સસ્તી થઈ MCXના આંકડા મુજબ, આ વર્ષે 29 જાન્યુઆરીએ



સોનું 1,93,096ની રેકોર્ડ સપાટી પર હતું, જેની સરખામણીએ તે અત્યાર સુધીમાં અંદાજે 50,000 જેટલું સસ્તું થઈ ચૂક્યું છે. બીજી તરફ, ચાંદી પણ તેના ઓલ ટાઈમ હાઈ લેવલ 4,20,048થી અત્યાર સુધીમાં આશરે 2 લાખ જેટલી સસ્તી થઈ ગઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલી દુશ્મનીના કારણે વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં મોટો ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનું સતત ત્રણ દિવસથી ઘટી રહ્યું છે અને તે ઘટીને અંદાજે 4,080 ડૉલર પ્રતિ ઔંસ પર આવી ગયું છે. સિંગાપોરના બજારમાં પણ સ્પોટ ગોલ્ડ 4,078.66 ડૉલરની સપાટી પર જોવા મળ્યું હતું, જ્યારે ચાંદી નજીવી વધીને 58.45 ડૉલર પ્રતિ ઔંસ પર પહોંચી હતી. સામાન્ય રીતે જ્યારે મોંઘવારી વધે ત્યારે લોકો સુરક્ષિત રોકાણ તરીકે સોનું ખરીદે છે, પરંતુ જ્યારે વ્યાજ દરો વધવાની શક્યતા હોય ત્યારે સોનાના ભાવ ઘટે છે. આવું એટલા માટે થાય છે કારણ કે સોનામાં રોકાણ કરવાથી અન્ય સ્કીમની જેમ કોઈ વ્યાજ કે નિયમિત કમાણી થતી નથી.

### અમેરિકાએ શ્રમ ધોરણોનું પાલન ન કરતા 60 દેશો પર વધારાની ટેરિફ લાગુ કરવાની દરખાસ્ત કરી

## અમેરિકાની નવી ટેરિફ દરખાસ્તથી ભારતની ચાર અબજ ડોલરની નિકાસ સામે જોખમ

### ફોર્સ્ડ લેબરનો ઉપયોગ કરી ઉત્પાદન કરનારા દેશો પર 10% થી 12.50% સુધીની ટેરિફ લાગી શકે છે. આનાથી ભારતની $4 અબજની નિકાસ સામે સ્પર્ધા વધશે

મુંબઈ

અમેરિકા દ્વારા નિશ્ચિત કરાયેલા શ્રમ ધોરણોનું પાલન નહીં કરનારા ભારત સહિત ૬૦ દેશો ખાતેથી આવતા માલસામાન પર વધારાની ટેરિફ લાગુ કરવાની અમેરિકાની આવી પડેલી દરખાસ્તને કારણે ભારતની ચાર અબજ ડોલરની નિકાસ સામે ભારે સ્પર્ધા ઊભી થવાનું ભારત સામે જોખમ ઊભુ થયું છે. ફોર્સ્ડ લેબરનો ઉપયોગ કરી માલસામાનના કરાતા ઉત્પાદનને અટકાવવામાં ભારત સહિત ૬૦ દેશો નિષ્ફળ રહ્યા હોવાનું અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસના અધિકારીઓને તપાસમાં જણાયું હતું. આ તપાસ બાદ અમેરિકાએ ફોર્સ્ડ લેબર એન્ફોર્સમેન્ટ માળખા હેઠળ રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવા દરખાસ્ત રજૂ કરી છે. આ દરખાસ્ત હેઠળ ૧૦ ટકા અથવા ૧૨.૫૦ ટકા ટેરિફ લાગુ થઈ શકે છે. ભારતના હરિફ દેશો જેમ કે પાકિસ્તાન, મલેશિયા, ઈન્ડોનેશિયા તથા બાંગલાદેશ પર ૧૦ ટકા જ્યારે ભારતના માલસામાન પર ૧૨.૫૦ ટકા વધારાની




ટેરિફ લાગુ થઈ શકે છે. આવી સ્થિતિમાં ભારતે અમેરિકા ખાતે તેની નિકાસમાં હરિફ દેશો સામેથી સ્પર્ધા કરવાનો વારો આવી શકે છે, એમ વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. આ દરખાસ્ત પર અમેરિકાએ જાહેર જનતા પાસેથી મંતવ્યો મંગાવ્યા છે. આ દરખાસ્તના સ્વીકારના કિસ્સામાં નીચા ટેરિફ દર અથવા અમેરિકા સાથે પ્રેફરન્સિઅલ ટ્રેડ એરેન્જમેન્ટસ ધરાવતા દેશોનો અમેરિકા ખાતે કેટલાક પ્રોડકટસની નિકાસમાં હિસ્સો વધી શકે છે જ્યારે ભારતના નિકાસકારોએ સીધી સ્પર્ધાનો સામનો કરવો પડશે એમ પણ સુત્રોએ ઉમેર્યું હતું. આ ધોરણથી મલેશિયાને સૌથી વધુ લાભ થવાની એક એનાલિસિસમાં ધારણાં મૂકવામાં આવી છે, જ્યારે ભારતની ૩.૯૩ અબજ ડોલરની નિકાસ ઓછી સ્પર્ધાત્મક બની જશે. જે માલસામાનની નિકાસ જોખમમાં મુકાઈ શકે છે, તેમાં બેડ લીનન, ફર્નિચર, ગારમેન્ટસ તથા ટેકસટાઈલનો મુખ્યત્વે સમાવેશ થાય છે. અમેરિકા દ્વારા નિશ્ચિત કરાયેલા શ્રમ ધોરણોનું પાલન નહીં કરનારા ભારત સહિત ૬૦ દેશો ખાતેથી આવતા માલસામાન પર વધારાની ટેરિફ લાગુ કરવાની અમેરિકાની આવી પડેલી દરખાસ્તને કારણે ભારતની ચાર અબજ ડોલરની નિકાસ સામે ભારે સ્પર્ધા ઊભી થવાનું ભારત સામે જોખમ ઊભુ થયું છે.

## સેન્સેક્સ 238 પોઈન્ટ વધીને 76,742 પર બંધ

- નિફ્ટીમાં 81 પોઈન્ટનો ઉછાળો રહ્યો, રિયલ્ટી અને મીડિયા શેર્સમાં વધુ ખરીદી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 9 જુલાઈએ વધારો જોવા મળ્યો. સેન્સેક્સ 238 પોઈન્ટના ઉછાળા સાથે 76,742 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 81 પોઈન્ટનો વધારો રહ્યો, તે 23,963 પર બંધ થયો. રિયલ્ટી અને મીડિયા શેર્સમાં આજે વધુ ખરીદી રહી. આ પહેલા ગઈકાલે એટલે કે 8 જુલાઈએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1677 પોઈન્ટ અથવા 2.15% ઘટીને 76,504 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 516 પોઈન્ટ અથવા



2.12% ઘટીને 23,882 પર બંધ થયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની દ્રષ્ટિએ, નિફ્ટી રિયલ્ટી, નિફ્ટી મીડિયા અને નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં સૌથી નોંધપાત્ર વધારો જોવા મળ્યો. બીજી તરફ, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ દબાણ હેઠળ રહ્યો, જેમાં સેક્ટરમાં વેચાણનો ટ્રેન્ડ જોવા મળ્યો. તે જ સમયે, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સૌથી વધુ ઘટાડા સાથેનું ક્ષેત્ર હતું, જેના કારણે ટેક શેરો પર દબાણ હતું. તાજેતરના દિવસોમાં પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવને કારણે વૈશ્વિક નાણાકીય બજારોમાં ચિંતા વધી ગઈ છે. આ વચ્ચે, કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહ, પ્રવર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રોકાણકારોને તેમની વળતરની અપેક્ષાઓ મધ્યમ રાખવાની સલાહ આપે છે.

### અમદાવાદને મળી મોટી ભેટ: સુભાષ બ્રિજ ખાતે નવનિર્મિત અત્યાધુનિક

# RTO કચેરીનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ



આ દરમિયાન તાત્કાલિક ખતરાને પહોંચી વળવા JCP એ તેમની સર્વિસ રિવોલ્વરમાંથી ફાયરિંગ કર્યું હતું, જેમાં આરોપી કલીમના પગમાં ગોળી વાગી હતી. આ ઘટના બાદ ઈજાગ્રસ્ત પોલીસ અધિકારી અને આરોપી બંનેને તાત્કાલિક તબીબી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા

અમદાવાદ

અમદાવાદના સુભાષ બ્રિજ વિસ્તારમાં નાગરિકોની સુવિધા માટે તૈયાર કરાયેલી નવનિર્મિત અત્યાધુનિક RTO કચેરીનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ડિજિટલ અને અત્યાધુનિક કચેરી હવેથી જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી છે, જે વાહનચાલકો અને અરજદારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

આ નવનિર્મિત RTO કચેરીને સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત અને ડિજિટલ બનાવવામાં આવી છે. અહીં નાગરિકોને પારદર્શક, સરળ અને અત્યંત ઝડપી સેવાઓ મળી રહેશે. લાયસન્સ, રજીસ્ટ્રેશન સહિતની વિવિધ કામગીરીઓ માટે હવે અરજદારોને લાંબી લાઈનોમાં ઊભા રહેવું નહીં પડે. આ નવું આયોજન ગુજરાત સરકારની ડિજિટલ ગવર્નન્સ અને સુશાસન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ અત્યાધુનિક વ્યવસ્થાથી વહીવટી પ્રક્રિયા વધુ સુદ્રઢ બનશે અને એજન્ટરાજ મુક્ત, ભ્રષ્ટાચાર રહિત વાતાવરણમાં નાગરિકો પોતાના કામો ખૂબ જ ઝડપથી કરાવી શકશે. અમદાવાદના વિકાસમાં આ કચેરી એક નવું પીંછું ઉમેરી રહી છે.

અમદાવાદના લાખો વાહનચાલકો માટે આજે મહત્વનો દિવસ છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિર્મિત નવી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (RTO) કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે નવી RTO કચેરીને ખુલ્લી મૂકવામાં આવી છે. વર્ષોથી જૂની કચેરીમાંથી કામગીરી કરતી RTO હવે પોતાના આધુનિક અને સુવિધાસભર સંકુલમાં સ્થળાંતર થઈ ગઈ છે. અનેક વખત મુલતવી રહેલા આ પ્રોજેક્ટને આખરે પૂર્ણતા મળી છે. સોમવારથી તમામ સુવિધાઓ નવી RTO કચેરીમાંથી કરવામાં આવશે.

નવી RTO કચેરી સંપૂર્ણ એર-કન્ડિશન્ડ છે અને અંદાજે 12,787 ચોરસ મીટરના બિલ્ટ-અપ વિસ્તારમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ત્રણ માળ બનાવવામાં આવ્યા છે. જેમાં ડ્રાઈવિંગ લાયસન્સ, વાહન રજિસ્ટ્રેશન, માલિકી પરિવર્તન, પરમિટ સહિતની મોટાભાગની જાહેર સેવાઓ સરળતાથી મળી શકશે. અરજદારો માટે વિશાળ વેઈટિંગ એરિયા, ડિજિટલ ટોકન સિસ્ટમ, આધુનિક કાઉન્ટરો, લિફ્ટ, ફાયર સેફ્ટી સિસ્ટમ, દિવ્યાંગોને અનુકૂળ રેમ્પ અને પૂરતી પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. સૌથી મહત્વની બાબત એ છે કે AI આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક અને આધુનિક કંટ્રોલ રૂમ દ્વારા ટેસ્ટ પ્રક્રિયા વધુ પારદર્શક અને માનવ હસ્તક્ષેપ વિનાની બનાવવામાં આવી છે.

નવી કચેરી શરૂ થતાં અરજદારોને લાંબી કતારો, જગ્યા અભાવ અને જૂની કચેરીમાં થતી મુશ્કેલીઓમાંથી રાહત મળશે. ડિજિટલ નેટવર્ક, હાઈ-સ્પીડ કનેક્ટિવિટી, સોલાર પાવર સિસ્ટમ અને આધુનિક ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવી સુવિધાઓને કારણે કામગીરી વધુ ઝડપી બનશે. માત્ર નવી બિલ્ડિંગ ઊભી કરવામાં આવી નથી, પરંતુ સમગ્ર RTO સેવાને સ્માર્ટ, પારદર્શક અને નાગરિક કેન્દ્રિત બનાવવામાં આવી છે.

## AMTS-BRTSના બસ ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી : બસ સ્ટેન્ડ પર બસ ઊભી ન રાખતા અને મુસાફરો સાથે ગેરવર્તણૂક કરતા 13 ડ્રાઈવર સસ્પેન્ડ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) અને BRTS બસના કુલ 13 જેટલા ડ્રાઈવરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની કડક કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા કરવામાં આવી છે. AMTS અને BRTS તંત્ર દ્વારા બસના ડ્રાઈવરો દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતાં, બસને તેના નિયત સ્થળે ઊભી ના રાખતા તેમજ બસના પ્રવાસીઓ સાથે અયોગ્ય વર્તન કરતાં અને અકસ્માત સર્જાતા હોવાનું સામે આવ્યું હતું. જેના પગલે તેઓની સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ શહેરના નાગરિકોને સારી જાહેર પરિવહન સેવા મળી રહે તે હેતુથી તેમજ AMTS અને BRTS બસોના ડ્રાઈવરો દ્વારા ટ્રાફિકના નિયમોનું પાલન કરી અકસ્માત રહિત સલામત ડ્રાઈવિંગ કરે અને પ્રવાસીઓને વધુ



સારી રીતે સગવડ મળી રહે તે માટે બંને સંસ્થાઓના અધિકારીઓ રોડ ઉપર દોડતી બસોનું સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમ્યાન ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતાં, બસને તેના નિયત સ્થળે ઊભી ના રાખતા તેમજ બસના પ્રવાસીઓ સાથે અયોગ્ય વર્તન કરતાં અને અકસ્માત સર્જાતા હોવાનું સામે આવ્યું હતું. અલગ અલગ રૂટ ઉપર બસોના ચેકિંગ દરમિયાન એ દરકારી સામે આવ્યું હોવાનું સામે આવતા AMTS બસના 10 ડ્રાઈવરોને અને BRTSના 3 ડ્રાઈવરોને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરવામાં આવ્યા છે.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે તંત્રની ઘાતક કાર્યવાહી : ટીપી રોડ ખુલ્લો કરવા 100 જેટલા ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત!

આ અડચણોને કાયમી ધોરણે ખતમ કરવા અને રસ્તાઓને રોકેટ ગતિએ પહોળા કરવા માટે મ્યુનિસિપલ કમિશનરના આદેશથી આ કડક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા (AMC) એ આજે કડક અને અભૂતપૂર્વ વલણ અપનાવીને મોટેરા સ્થિત વિશ્વના સૌથી મોટા 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' નજીક ગેરકાયદે બાંધકામો પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ હેઠળના રોડને પહોળા કરવાના માર્ગમાં નડતરરૂપ બનતા તત્વો સામે તંત્રએ લાલ આંખ કરી છે અને વહેલી સવારથી જ વિશાળ કાફલા સાથે બુલડોઝરો ત્રાટક્યા છે.

લાંબા સમયથી ટીપીના મુખ્ય રસ્તાઓ રોકીને બેઠેલા ભૂમાફિયાઓ અને ગેરકાયદે દબાણકારોના અડ્ડાઓ પર તંત્રનું જેસીબી ફરી વળ્યું હતું. સ્ટેડિયમની આસપાસના વીઆઈપી રોડ અને અંદરના કનેક્ટિંગ રસ્તાઓ



પર ખડકાયેલી અંદાજે 100 જેટલી ગેરકાયદે દુકાનો, પાકા મકાનો અને શેડને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે જોરદાર રીતે તોડી પાડ્યા છે. વર્ષોથી જમાવેલા ગેરકાયદે સામ્રાજ્યને મિનિટોમાં કડડભૂસ થતું જોઈ દબાણકારોમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે જ્યારે પણ આંતરરાષ્ટ્રીય મેચ કે મોટા કાર્યક્રમો યોજાય છે, ત્યારે લાખોની મેદની ઉમટી પડે છે. આવા સમયે ગેરકાયદે દબાણોના કારણે કલાકો સુધી ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હતી.

આ અડચણોને કાયમી ધોરણે ખતમ કરવા અને રસ્તાઓને રોકેટ ગતિએ પહોળા કરવા માટે મ્યુનિસિપલ કમિશનરના આદેશથી આ કડક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. તંત્રએ સ્પષ્ટ અને ઘાતક ચેતવણી આપી દીધી છે કે, વિકાસના કામોમાં આડે આવતા કોઈપણ ગેરકાયદે બાંધકામને છોડવામાં નહીં આવે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ આ જ રીતે જોરદાર રીતે ચાલુ રહેશે.

## અમદાવાદમાં ખેતી બેંકની મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ

આચાર્ય દેવવ્રત અને ચેરમેન ડોલરભાઈ કોટેચાની ગરિમામય ઉપસ્થિતિ, મેયર હિતેશ બારોટ પણ રહ્યા હાજર

અમદાવાદ

ગુજરાતના સહકારી ક્ષેત્ર અને ખેડૂતોની આર્થિક જીવાદોરી સમાન ખેતી બેંકની એક અત્યંત મહત્વની અને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકનું આયોજન કર્ણાવતી એટલે કે અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ ખાસ બેઠક ગુજરાતના આદરણીય ગવર્નર શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં અને ખેતી બેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચાજીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં રાજ્યના કૃષિ અને સહકારી માળખાને વધુ મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ સમીક્ષા બેઠકમાં ખાસ અતિથિ તરીકે અમદાવાદના મેયર હિતેશ બારોટ પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બેઠકની શોભા વધારી હતી. બેઠક દરમિયાન ખેતી બેંક દ્વારા રાજ્યના ખૂણે-ખૂણે વસતા ખેડૂતોને અપાતા ધિરાણ, નવી યોજનાઓના અમલીકરણ અને ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે થઈ રહેલી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આ પ્રસંગે બેંકની કામગીરીને બિરદાવી હતી અને ખાસ કરીને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને વધુમાં વધુ પ્રોત્સાહન અને આર્થિક સહયોગ મળે તે દિશામાં ભાર મૂક્યો હતો. ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાજીએ બેંકની પ્રગતિનો ચિતાર રજૂ કરતા જણાવ્યું હતું કે, બેંક હંમેશાં જગતના તાતના કલ્યાણ માટે કટિબદ્ધ છે અને આગામી દિવસોમાં ખેડૂતોને વધુ સરળતાથી લોન અને અન્ય સુવિધાઓ મળી રહે તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધારવામાં આવશે.

### મણીનગર પોલીસનો સપાટો: કાંકરિયા પાસે એજન્સીની ઓફિસમાંથી

## 6 લાખની રોકડાની ધરફોડ ચોરી કરનાર શાતિર તસ્કરને ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે દબોચી લેતી સર્વેલન્સ સ્કોડ

ઓફિસની બારીનો કાચ તોડી લાલ બેગમાં ભરેલી રોકડ ચોરી નાસી ગયેલા પાટણના તસ્કરને મણીનગર પોલીસે બાતમીના આધારે પીળા કલરની થેલીમાં ભરેલા રૂપિયા સાથે મુક્તિ મેદાન પાસેથી ઝડપી પાડ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મિલ્કત સંબંધી ગુનાઓ આચરતા ગુનેગારો સામે પોલીસે લાલ આંખ કરી છે. મણીનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડે એક પ્રશંસનીય અને સફળ કામગીરી કરીને ઓફિસના પાછળના ભાગેથી બારીનો કાચ તોડી અંદર પ્રવેશી ૬ લાખ રૂપિયાની રોકડાની ધરફોડ ચોરી કરનાર એક શાતિર ચોર ઈસમને ગણતરીના દિવસોમાં જ ચોરીના તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. મણીનગર પોલીસે ગુનામાં ગયેલી તમામ રોકડ રકમ રિકવર કરીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે, ગત તારીખ ૦૩/૦૭/૨૦૨૬ ના રાત્રિના દસ વાગ્યાથી તારીખ ૦૪/૦૭/૨૦૨૬ ના સવારના સાત વાગ્યા દરમિયાનના સમયગાળામાં



મણીનગર કાંકરીયા ગેટ નંબર ૫ ની સામે, દેદકી ગાર્ડનની બાજુમાં અને રેલ્વે કોલોનીની સામે આવેલા ગુજકો માસોલ એસ્ટેટમાં એક મોટી ચોરીની ઘટના બની હતી. અહીં આવેલ ઓસોદિપ સેલ્સ એજન્સીની ઓફીસને નિશાન બનાવીને કોઈ અજાણ્યા ચોર ઈસમે ઓફીસની પાછળના ભાગેથી બારીનો કાંચ તોડી નાખ્યો હતો. ત્યારબાદ બારી ખોલી અંદર પ્રવેશ કરી ઓફીસમાં એકાઉન્ટ ટેબલ નીચે રાખેલી લાલ કલરની બેગ, જેમાં કંપનીના રોકડા રૂપિયા છ લાખ હતા, તેની ચોરી કરીને નાસી ગયો હતો. આ ચકચારી ચોરી અંગે તારીખ ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે મણીનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા એટલે કે બી.એન.એસ. ની કલમ ૩૦૫(એ) તથા ૩૩૧(૪) મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો.

શહેરમાં બનેલી આ મોટી ચોરીનો ભેદ ઉકેલવા માટે અમદાવાદ શહેર પોલીસ કમિશનર સાહેબ, અધિક પોલીસ કમિશનર સેક્ટર-૨ જયપાલસિંહ રાઠૌડ સાહેબ, નાયબ પોલીસ કમિશનર ઝોન-૬ ભગીરથસિંહ ગઢવી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર એન.કે.વ્યાસ સાહેબ નાઓએ મણીનગર પોલીસને ખાસ સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું.

## રથયાત્રા પહેલા કોમી એકતા અને રાષ્ટ્રપ્રેમના સંદેશ સાથે યોજાઈ ભવ્ય તિરંગા યાત્રા

અમદાવાદ

શહેરમાં આગામી સમયમાં યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રા શાંતિ, સૌહાર્દ અને ભાઈચારાના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા એક અદભુત અને પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. રથયાત્રાના પાવન પર્વ પૂર્વે કોટ વિસ્તારમાં કોમી એખલાસ, રાષ્ટ્રપ્રેમ અને અખંડિત એકતાનો મજબૂત સંદેશ આપવા માટે અમદાવાદ પોલીસ દ્વારા એક વિશાળ અને ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. આ ભવ્ય તિરંગા યાત્રાને અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. યાત્રાના પ્રારંભ પૂર્વે એકતાની એક અનોખી મિસાલ જોવા મળી હતી, જેમાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ-આગેવાનો અને ઐતિહાસિક ભદ્રકાળી મંદિરના પૂજારીએ સાથે મળીને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ દ્રશ્યે જ અમદાવાદની ગંગા-જમુની સંસ્કૃતિ અને ભાઈચારાના દર્શન કરાવી દીધા હતા. આ તિરંગા યાત્રા ભદ્રકાળી મંદિરથી શરૂ થઈને ઘી કાંટા અને રિલીફ રોડ જેવા સંવેદનશીલ અને વ્યસ્ત વિસ્તારોમાંથી પસાર થઈને પરત ભદ્રકાળી મંદિર ખાતે સંપન્ન થઈ હતી.

## મોતનો આંતરરાજ્ય કાળો કારોબાર : નકલી પ્લાઝમા કૌભાંડમાં વધુ ત્રણ નરાધમોની ધરપકડ, ગુજરાતથી બેંગલોર સુધી ફેલાયેલું છે મરણઝોક નેટવર્ક

માનવતાને લજવતી ભયાનક સચ્ચાઈ : રાક્ષસોએ 1700થી વધુ નકલી પ્લાઝમા વેચી દર્દીઓના જીવ સાથે રમી ક્રૂર રમત

અમદાવાદ

માનવતાને કલંકિત કરતું અને સાંભળતા જ રૂંવાડા ઉભા કરી દે તેવું એક અત્યંત ખતરનાક અને ભયાનક કૌભાંડ સામે આવ્યું છે. બીમાર અને લાચાર દર્દીઓને નવજીવન આપવાના નામે મોતના મુખમાં ધકેલતા નકલી પ્લાઝમા કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પોલીસે વધુ ત્રણ નરાધમ આરોપીઓની ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પોલીસની ઘાતક અને સઘન તપાસમાં જે ખુલાસાઓ થયા છે તે જાણીને કાયદાના રક્ષકો પણ ચોંકી ઉઠ્યા છે. આ નકલી પ્લાઝમાનું નેટવર્ક માત્ર ગુજરાત પૂરતું સીમિત નથી, પણ છેક દક્ષિણ ભારતના બેંગલોર સુધી ફેલાયેલું



હોવાનું સામે આવ્યું છે.

આ કોઈ સામાન્ય ચોરી કે છેતરપિંડી નથી, પણ પૈસાની લાલચમાં નિર્દોષ લોકોના લોહી અને જીવ સાથે રમાયેલું ભયાનક આંતરરાજ્ય ષડયંત્ર છે. તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, આ ક્રૂર આરોપીઓએ અત્યાર સુધીમાં એક કે બે નહીં, પણ પૂરા ૧૭૦૦ થી વધુ નકલી પ્લાઝમા બેધડક રીતે વેચી માર્યા હતા. હોસ્પિટલના બિછાને મરણતોલ સ્થિતિમાં પડેલા દર્દીઓ અને તેમના લાચાર પરિવારોએ જીવનની છેલ્લી આશા સમજીને જે પ્લાઝમા ખરીદ્યા હતા, તે વાસ્તવમાં નકલી હતા. પૈસાના ભૂખ્યા આ રાક્ષસોએ અસલી પ્લાઝમાના નામે નકલી કેમિકલયુક્ત લોહી અને ગંદુ પાણી પધરાવીને ૧૭૦૦ થી વધુ પરિવારોના ચિરાગ ઓલવવાનું પાપ કર્યું છે.

ગુજરાત પોલીસે આ ટોળકીના મૂળ સુધી પહોંચવા માટે ઓપરેશન શરૂ કર્યું છે. પકડાયેલા નવા ત્રણ આરોપીઓની કડક પૂછપરછમાં બેંગલોર કનેક્શન ખુલતા જ પોલીસની અલગ-અલગ ટીમો આ આંતરરાજ્ય સિન્ડિકેટના વડાઓને દબોચવા માટે રવાના થઈ ચૂકી છે. આ નકલી પ્લાઝમા ક્યાં બનતા હતા, કઈ હોસ્પિટલો કે મેડિકલ સ્ટોર્સના માધ્યમથી તે દર્દીઓ સુધી પહોંચાડવામાં આવતા હતા અને આ કાળા કારોબારમાં કયા કયા મોટા માથાઓ સામેલ છે તેની કુંડળી પણ પોલીસે ફાડી નાખી છે. પ્રજામાં આ નરાધમો સામે એટલો આક્રોશ છે કે તેમને ફાંસીના માચડે લટકાવી દેવા જોઈએ તેવી માંગ ઉઠી રહી છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર આવા તમામ કૌભાંડીઓને ચેતવણી આપે છે કે જનતાના જીવ સાથે રમનારાઓ હવે બચશે નહીં, પોલીસ તેમનો હિસાબ લાઈવ કેમેરા સામે કરીને જ રહેશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI